Anoopam Mission

॥ સ્વામિશ્રીજી ॥

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

નવેમ્બર ૨૦૨૫ * વર્ષ ૪૦ * અંક ૮














તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી સ્થિત નૂતન મંદિરજીના 'અક્ષર મહોલ'માં બિરાજમાન શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપોને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ





# સાચાં અને અખંડ સુખનું સરનામું !

**આપણી** કહેવતોમાં ઘણું ડહાપણ રહ્યું છે. આપણા વડીલોએ પેઢીઓના અનુભવ પછી જે તારણ કાઢ્યાં તે કહેવતોમાં મઢ્યાં અને આપણને સૌને તે સુલભ કરાવતા રહ્યા. માણસને જીવનમાં સુખી થવા વિશે પણ આપણી ભાષામાં કહેવત છે : *'પહેલું સુખ તે જાતે નર્યા !'* પાંચ શબ્દોમાં જીવનનાં સર્વ સુખને ભોગવવા માટે પાયાના સુખની વાત આ કહેવતમાં કહી દીધી. પરંતુ, આપણા અનુભવી વડવાઓ સુખની કેવળ આટલી વાતથી અટક્યા નહીં; સુખની વાતને આગળ વધારતાં તેઓએ કહેવતમાં બીજાં ત્રણ સુખની વાત પણ કરી. તેથી કહેવત પડી કે, *'બીજું સુખ તે કોઠારે જાર, ત્રીજું સુખ તે સંતોષી નાર, અને ચોથું સુખ તે સંતતિ (સંતાન)માં સંસ્કાર !'* આપણું શરીર નર્યું અને નિરોગી હોય તે પછી પણ ઘરમાં અન્નના ભંડાર હોય, ઘરનાં સ્ત્રી અને પરિવારજનો સંતોષ રાખી જીવતાં હોય અને પરિવારનાં બાળકોમાં સંસ્કાર હોય-આ ચાર બાબતો જે મનુષ્યના જીવનમાં એક સાથે જે સમયે હોય તે સમયે તે મનુષ્ય સુખી ગણાય.

આ થઈ લૌકિક-વ્યાવહારિક દૃષ્ટિએ સુખી થવાની વાત. પરંતુ, આપણે જોઈએ છીએ કે આ ચારેય સુખ પ્રાપ્ત થયા પછી પણ માણસ સુખી જ હોય તેવું જરૂરી નથી. સુખનું સરનામું બહાર નહીં, માણસના અંતરમાં છે. આ સરનામે અધ્યાત્મના માર્ગે અને ગુરુવચનનાં પાલન દ્વારા પહોંચી શકાય છે. અને એકવાર સુખના આ આંતરિક સરનામે પહોંચી જઈએ, પછી એ સુખ સાચું તો અનુભવાય જ છે ; પરંતુ એ સુખ અખંડ પણ રહે છે અને અન્ય માટે પણ સુખના અનુભવ કરાવનાર રહે છે. આવા સાચા આંતિરક અને અખંડ સુખને ટૂંકમાં વર્ણવવું હોય તો કહી શકાય કે, ***અંતરમાં ટાઢું રહે.***

અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરતાં કહ્યું કે, *"અંતરમાં ટાઢું રહ્યા કરે ને ધગી ન જાય તેના બે ઉપાય છે : એક તો ભગવાનનું ભજન કરવું ને બીજું ભગવાનને સર્વકર્તા સમજવા ને તેમાં સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુઃખ આવે તો દુઃખ ભોગવી લેવું. તે કહ્યું છે જે, દાસના દુશ્મન હરિ કે'દી હોય નહિ, જેમ કરશે તેમ સુખ જ થાશે." (પ્રકણ-૧, વાત-૧૪૮)*

મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ સુખની જે અનુભૂતિ કરોડો ઉપાય કર્યે પણ ન થઈ શકે તેને કેવળ બે ઉપાય દ્વારા આપણને સુઝાડી છે. ભગવાનના ભજન કરવા વિશેના ઉપાય બાબતે અન્ય એક વાતમાં સ્વામીજીએ કહ્યું છે કે, *"**ભજન કરતાં કરતાં** ક્રિયા કરવી..."* આ વાતનો મર્મ ઊંડો છે. ક્રિયા તો જીવનપર્યંત આપણે સૌ અવિરતપણે કર્યા જ કરીએ છીએ, અને બહુધા જાગ્રત ના હોઈએ તો ક્રિયારૂપ થઈ જઈએ છીએ. તેથી જ, ક્રિયાનાં પરિણામ આપણને અલ્પ સમય માટે સુખી-દુઃખી કર્યાં જ કરે છે. સુખ-દુઃખનું આ ચક્ર જીવનપર્યંત ચાલે છે અને માણસ સુખની શોધમાં-સાચાં અને અખંડ સુખની શોધમાં દોડ્યા જ કરે છે, દોડ્યા જ કરે છે ! સ્વામીજી કહે છે ***ભજન કરતાં કરતાં** ક્રિયા કરવી.* અર્થાત્, પ્રાથમિકતા ભજનને આપી. પ્રયત્ન કરીએ તો આ વાત જણાય છે તેટલી અઘરી નથી, રોજબરોજના આપણા અનુભવમાં પણ મળતી આવે છે. ઉદાહરણ તરીકે, વિચાર કરીશું તો જણાશે કે, વાહન ચલાવતી વખતે કે રસોઈ કરતી વખતે કે કોઈ પણ ક્રિયા કરતી વખતે આપણાં હાથ-પગ સહિત અન્ય ઈન્દ્રિયો ક્રિયામાં વ્યસ્ત હોય છે, તેમ છતાં મનમાં સતત અનેક પ્રકારના વિચારો અવિરતપણે ચાલ્યા જ કરે છે. બસ ! કરવાનું એટલું જ છે કે પ્રત્યેક ક્રિયા કરતી વેળા મનમાં જે અનેક પ્રકારના વિચારો અવિરત ચાલ્યા જ કરે છે તે વિચારોના સ્થાને કે વિચારો સાથે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવાનો અભ્યાસ આરંભ કરવાનો છે. અને, સાથે જો પ્રગટ ગુરુહરિની સ્મૃતિ પણ રહે તો ***ભજન કરતાં કરતાં***, પ્રગટ ગુરુહરિની સ્મૃતિ સાથે 'સ્વામિનારાયણ' મહામંત્રના અવિરત વિચાર-જાપ સાથે, ગુરુહરિ રાજી થાય, ભગવાન રાજી થાય, તે ભાવથી ક્રિયા કરીએ તો તે ક્રિયાથી નિર્બંધ રહીએ. ક્રિયાથી નિર્બંધ રહીએ તો તેનાં પરિણામોથી પણ નિર્લેપ થઈ શકીએ. ક્રિયાનાં પરિણામોથી નિર્લેપ થઈએ તો તે પરિણામોથી નિપજતાં સુખ-દુઃખથી પણ નિર્લેપ થઈ જઈએ. અને આવી ક્રિયા માત્ર કર્મ ન રહેતાં ભક્તિમાં પરિણમે. આ ભક્તિ આપણને શ્રી ગુણાતીતાનંદ સ્વામી કહે છે તેવું ભગવાનનું કર્તાહર્તાપણું સહજ સ્વીકારી જીવવામાં ઘણી સહાયરૂપ થાય. આવી ભક્તિથી ભગવાન અને ભગવાનના પ્રગટ સ્વરૂપની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થતાં આપણા સર્વ દોષમાત્ર ટળી જાય, સાચું અને અખંડ સુખ પ્રાપ્ત થાય. વિક્રમ સંવત ૨૦૮૨ના આ નૂતનવર્ષે, ઈ.સ. ૨૦૨૬ના 'શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષા હીરક મહોત્સવે' આપણાં અંતર ભગવાં બને, તેમાં અખંડ ભગવાન નિવાસ કરી રહે અને તેથી સાચું અને અખંડ સુખ અનુભવી શકીએ તેવી શ્રી ઠાકોરજી મહારાજ અને પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે મંગલ પ્રાર્થના !

◆

~સા.શ્રે... ~ સાધુ મનોજદાસ



# અક્ષરતેજથી અંતર ઉજાળતી, ઉરમાં સાહેબજી પ્રગટાવતી
# બ્રહ્મજ્યોતિની ભક્તિભરી દીપોત્સવી

**તપોભૂમિ** બ્રહ્મજ્યોતિ, મોગરી પર દીપાવલીના પ્રકાશથી આતમજ્યોતિ પ્રગટાવવાના ભાવ સાથે દીપોત્સવીનાં ભવ્ય આયોજન થયાં. આ અવસરે બ્રહ્મજ્યોતિ પરિસરને રંગ અને રોશનીથી સુશોભિત કરવામાં આવ્યું. સંતો અને સ્વયંસેવકોનાં હૈયે સૌ ભક્તોના આગમનને વધાવવાની આતુરતા હતી સાથે દિવાળીપર્વની ઉજવણી ભવ્યતા અને દિવ્યતા સાથે કરી લેવાના અનેરા ઉમંગ પણ હતા. પ્રભુભક્તિ અને ગુરુમહિમાના પ્રકાશથી આતમ આંગણું પ્રજ્વલિત કરવાના કોડ સાથે ભક્તો પણ આ ઉત્સવમાં સંમિલિત થવા માટે દેશ-વિદેશથી પધાર્યા. મંદિરજીની શોભા અને શ્રી ઠાકોરજીના શણગાર સૌનાં મન મોહી રહ્યાં હતાં. સૌ સંતો-ભક્તો શ્રી ઠાકોરજીનાં દર્શનથી ધન્યતા અનુભવી રહ્યા હતા. આવા અપાર આનંદ અને આત્મિક ઉજાસ સાથે બ્રહ્મજ્યોતિમાં પ્રકાશપર્વનો આરંભ ૧૭ ઑક્ટોબર ૨૦૨૫, શુક્રવાર, રમા એકાદશીના શુભ અને મંગલકારી દિવસે થયો.

## પ્રકાશપર્વનો આરંભ, ૧૭ ઑક્ટોબર ૨૦૨૫

'અક્ષરમહોલ'માં દિવ્ય સંધ્યા ટાણે શ્રી ઠાકોરજીના સાંનિધ્યે સદ્‌ગુરુ સંતોની પાનન ઉપસ્થિતિમાં સુંદર સભા સાથે પ્રકાશપર્વ આરંભ પામ્યો. શ્રી ઠાકોરજી સમક્ષ પૂજાનાં પાન, દીવડાનો પ્રકાશ, નૂતન વર્ષનાં કૅલેન્ડર તેમજ પૂજાસામગ્રીની કલાત્મક ગોઠવણી સાથે સુંદર સુશોભન કરીને સુશોભન વિભાગના સંતો અને સેવકોએ અદ્‌ભુત ભક્તિ અદા કરી.

સભા પ્રારંભે સુંદર કીર્તન-ભક્તિ અર્પણ થઈ. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સંતોએ દીપ પ્રગટાવી ઉત્સવના આરંભ કરાવ્યા અને સૌના આત્મામાં પ્રભુનો પ્રકાશ સર્વત્ર પથરાય તેવી પ્રાર્થનાઓ ધરી. ત્યારબાદ સંતો દ્વારા શ્રી ઠાકોરજી, દેવસ્વરૂપો તથા સદ્‌ગુરુ સંતોનાં તેમજ પૂજાસામગ્રીઓનાં પૂજન તથા મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદના ધરવામાં આવી. સંતો તેમજ ભાઈઓ-બહેનોએ શ્રી પ્રભુચરણે વારાફરતી આરતી અર્પણ કરી ભક્તિભાવના ધરી.

સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવી ભક્તિનો અદ્‌ભુત મહિમા સમજાવ્યો અને સદ્‌ગુરુ સંતોનો અદ્વિતીય મહિમા ગાઈ, સંતભગવંત સાહેબજીના ગુણાતીત સ્વરૂપની દિવ્ય ઝાંખી કરાવી. ત્યારબાદ તેઓએ સંતભગવંત સાહેબજીએ પૂજાના પાનમાં સ્વહસ્તે લિખિત આશીર્વાદનાં પઠન કર્યાં તથા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના વરદ્ હસ્તે વર્ષ ૨૦૨૬નાં કૅલેન્ડરનાં મુક્તાર્પણ કરાવ્યાં. આવી રહેલાં 'શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષા હીરક જયંતી મહાપર્વ (૧૯૬૬-૨૦૨૬)'





તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર સંતો દ્વારા દીપપ્રાગટ્ય કરી દીપોત્સવીના શુભારંભ... સૌની સુખાકારી માટે મંત્રપુષ્પાંજલિરૂપે પ્રાર્થના અર્પણ



સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી



સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા દ્વારા નૂતનવર્ષનાં કૅલેન્ડરનાં મુક્તાર્પણ



સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા

અને અનુપમ મિશનની સ્થાપનાના સુવર્ણ જયંતી વર્ષ (૧૯૭૬-૨૦૨૬)નાં તેઓએ વધામણાં કર્યાં; તેમજ હૃદય ભગવાં કરવાના ધ્યેયને પામવા ગુરુઆજ્ઞાપાલનની જીવનશૈલી દ્વારા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો ગોકીરો કરવાની સમજ આપી. અંતે, સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા અને સૌને આધ્યાત્મિક પ્રગતિ સાધવા ગુરુઆજ્ઞાને જીવન બનાવવા,પંચ વર્તમાન અને અગિયાર નિયમ પાળવા માર્ગદર્શન આપ્યાં. ◆

## શ્રી લક્ષ્મી પૂજન-ધન ત્રયોદશી, ૧૮ ઑક્ટોબર ૨૦૨૫

ધનતેરસના શુભ મંગલકારી દિવસે સવારે સૌ ભક્તોએ મંદિરજીમાં શ્રી પ્રભુજી સમક્ષ પ્રાર્થના અને ભાવવંદનાઓ ધરી તેમજ મહાપૂજા અને સંતસમાગમનો લાભ લીધો. સાંજે 'વર્ણીકુંજ'માં શ્રી અષ્ટ મહાલક્ષ્મી પૂજન કરવા સૌ એકત્રિત થયાં. સદ્ગુરુ સંતોની નિશ્રામાં યોજિત આ પૂજનવિધિમાં યજમાન સ્વરૂપે ભક્તો બિરાજ્યા અને મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોએ દિવ્યલાભ પ્રાપ્ત કર્યો. સુશોભનમાં ગોઠવાયેલ દીપ પ્રગટાવાયા. સંતો-આચાર્યોને પૂજાવિધિ કરાવવાનો અધિકાર અપાયો. વિધિ આરંભે સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આધુનિક સમયની આઠ પ્રકારની શ્રી લક્ષ્મીજી-સમયલક્ષ્મી, શરીરલક્ષ્મી, માતા-પિતારૂપ લક્ષ્મી, પરિવારલક્ષ્મી, સંતાનલક્ષ્મી, જ્ઞાન-કૌશલ્યલક્ષ્મી, સંપત્તિરૂપ લક્ષ્મી, ધાન્યલક્ષ્મીની પૂજાનો મર્મ સમજાવ્યો અને આ લક્ષ્મીને ગુરુવચને પ્રભુભક્તિમાં અર્ઘ્ય ધરવા તથા તેનો મહિમા સમજી સાચા અર્થમાં વિનિયોગ કરવા સમજ આપી.

ત્યારબાદ શ્રી ઈષ્ટદેવ સ્તુતિ અને મંગલાચરણ સાથે શ્રી લક્ષ્મીપૂજન વિધિનો પ્રારંભ થયો. યજમાનોને પૂજન, કંકણબંધન, ખેસ અર્પણ કરી સંતોએ પૂજા કરવાના અધિકાર અને આશીર્વાદ આપ્યા. સંકલ્પ ધારણ કરી સૌ લક્ષ્મી પ્રક્ષાલનવિધિમાં જોડાયા. શ્રી ઈષ્ટદેવ, દેવસ્વરૂપો અને ગુણાતીત સ્વરૂપોનાં આવાહ્‌ન-સ્થાપન કરાયાં બાદ સૌએ પૂજન





શ્રી અષ્ટ મહાલક્ષ્મી પૂજનવિધિના યજમાન અક્ષરમુક્તો પર સદ્ગુરુ સંતોની પ્રસન્નતાપૂર્ણ આશિષવર્ષા



સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા



સંતો દ્વારા શ્રી લક્ષ્મીજીનાં પૂજન-મંત્રપુષ્પાંજલિ અર્પણ



સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી

અને પુષ્પાર્પણ દ્વારા ભાવ ધર્યા. થાળ અર્પણ કરાયા બાદ મંચ પર પ્રભુચરણે અર્પિત યજમાનોની લક્ષ્મીજીનાં પૂજન સંતોએ કર્યાં. પ્રત્યેક વિધિ દરમિયાન સંતો-આચાર્યોએ મંત્રોચ્ચાર અને શ્લોકગાન કરી અનેરી દિવ્યતા પ્રસરાવી. ત્યારબાદ મંત્રપુષ્પાંજલિ અને આરતી અર્પણ કરવામાં આવી. સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી લિખિત સંકલ્પનાં પઠન થયાં અને સંકલ્પસિદ્ધિ માટે સૌએ ધૂન-પ્રાર્થનાઓ કરી. અંતે, પ્રાસાદિક જળની વર્ષા દ્વારા સંતોએ સૌ યજમાનોને રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા.

પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પાઠવતાં વર્તમાન સમયની વિષમતાઓમાં પણ આધ્યાત્મિકતા અને સત્સંગમય જીવન જીવવાનાં માર્ગદર્શન આપ્યાં. પ્રભુએ આપેલ ધન, કૌશલ્ય, આવડત અને બુદ્ધિનો ઉપયોગ અનાસક્તભાવે ગુરુવચને પ્રભુભક્તિ અર્થે વાપરી, જીવનને પ્રભુનો પ્રસાદ બનાવી સત્પુરુષનો રાજીપો પ્રાપ્ત કરવાની સમજ આપી.

આધ્યાત્મિક અભિગમ અને દિવ્ય આનંદ સાથે પૂજાવિધિ તથા સંતોના આશીર્વાદનો લાભ મેળવી સૌ ધન્ય થયાં. ◆

## સંતભગવંત સાહેબજી સ્વાગત અને શ્રી શારદાપૂજન
## ૨૦ ઑક્ટોબર ૨૦૨૫

દિવાળીના શુભ મંગલકારી દિવસે સમગ્ર બ્રહ્મજ્યોતિમાં ઊર્જાનો અનેરો સંચાર અનુભવાયો, જે વહાલા સંતભગવંત સાહેબજીનાં સ્વાગત અને વધામણાં કરી લેવાના દિવ્ય ઉમંગનો હતો. લગભગ અઢી માસની ધર્મયાત્રા સંપન્ન કરી પરત પધારતા સંતભગવંત સાહેબજીને વધાવી લેવા સૌ સંતો-ભક્તો સ્વાગતપથ પર હાથમાં ધ્વજ, ઝંડા, પુષ્પો લઈને કતારબદ્ધ ઊભા રહી ગયા. સૌની આંખો સંતભગવંત સાહેબજીનાં દર્શન પામવા પથ પર અમી મીટ માંડી રહી હતી અને તેવામાં સંતભગવંત સાહેબજી પધાર્યા, જયનાદ થયો અને આતશબાજી થઈ તથા ફટાકડા ફૂટ્યા.





તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર સંતભગવંત સાહેબજીનાં ભવ્ય સ્વાગત





યુવતીઓ-બહેનો દ્વારા વિશિષ્ટ નૃત્યભક્તિ સાથે સંતભગવંત સાહેબજીનાં ભાવભર્યાં સ્વાગત


સંતભગવંત સાહેબજી અને સાથે પધારેલ સૌ સંતો-ભક્તોનાં પૂજન થયાં, ખેસ અર્પણ કરી સ્વાગત કરાયાં અને ત્યારબાદ સ્વાગત શોભાયાત્રા યોજાઈ. યુવાનો દ્વારા તૈયાર કરાયેલા ભવ્ય કલાત્મક રથમાં સંતભગવંત સાહેબજી બિરાજમાન થયા. સ્વાગતપથ પર ઊભેલા સંતો-ભક્તો-સૌના ભાવ સ્વીકારતા સંતભગવંત સાહેબજી આશીર્વાદ વરસાવી રહ્યા હતા. સંગીતના નાદ ને ભક્તિનો ભાવ પરાકાષ્ઠા પર હતો ! મંદિરજીના મુખ્ય પ્રવેશદ્વાર પાસે યુવાનોએ ભગવા રંગના ફુગ્ગાઓ મુક્ત ગગનમાં લહેરાવીને તેમજ યુવતીઓ-બહેનોએ ગરબાના તાલે ભક્તિનૃત્ય પ્રસ્તુત કરી ભવ્ય સ્વાગત કર્યાં. પ્રાંગણમાં શોભતી રંગોળી, એકસરખાં વસ્ત્રોમાં શોભતાં યુવાનો-યુવતીઓ તથા પરમ ભાવથી સ્વાગત કરતા સંતો-ભક્તોની ભક્તિનો રંગ ખૂબ ઘેરો અને પાકો હતો. સૌ પર આશીર્વાદ વરસાવી સંતભગવંત સાહેબજી પ્રથમ નિજ મંદિરજીમાં અને ત્યારબાદ 'અક્ષરમહોલ'માં પ્રભુદર્શન કરવા પધાર્યા ને ત્યારબાદ સ્વાગતસભા યોજાઈ.

પૂજન અને ખેસ અર્પણ કરી સૌનાં સ્વાગત કરાયાં. સાધુ પૂ. પીટરદાસજીએ વિદેશયાત્રાનો અહેવાલ આપ્યો તથા સંતભગવંત સાહેબજીનાં દિવ્ય ને ભવ્ય કાર્યની અદ્‌ભુત ઝાંખી કરાવી. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌની ભક્તિને બિરદાવી, ગુરુમાં નિર્દોષભાવ, દિવ્યભાવ રાખી જોડાયેલા રહેવા સમજ આપી તેમજ આવી રહેલા નવા વર્ષથી ભજન કરતાં કરતાં હરેક ક્રિયા કરવા પ્રેરણા આપી. સૌ સંતભગવંત સાહેબજીનાં દર્શન અને આશીર્વાદ પામી હૈયામાં અપાર આનંદ લઈને ધન્યતા સાથે વિસર્જિત થયાં.

સવારે પ્રાપ્ત થયેલ અવિસ્મરણીય સ્મૃતિને વાગોળતાં વાગોળતાં સૌ સંતો-ભક્તો ઢળતી સાંજે 'વર્ણીકુંજ'માં શ્રી શારદાપૂજનવિધિ માટે એકત્ર થયા. સદ્‌ગુરુ સંતોએ આચાર્યોને વિધિ કરવાનો અધિકાર અર્પણ કર્યો. યજમાનો સ્વસ્થાને બિરાજ્યા, દીપ પ્રગટાવી ધૂન-પ્રાર્થના કરી. પૂ. મનોજદાસજીએ શ્રી સરસ્વતી પૂજન-માહાત્મ્યને તેઓની આગવી શૈલીમાં વર્ણવ્યું.



સાહેબજી સ્વાગત અવસરે મંદિરજી સમક્ષ ભવ્ય રંગોળી દર્શન



સ્વાગતભાવ ઝીલી સંતભગવંત સાહેબજીની પ્રસન્નતાની આશિષવર્ષા



સાધુ પૂ. પીટરદાસજી



સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી



પૂ. પી.પી. સ્વામી (પ્રયોશા સંસ્થાન, ડાંગ)



સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા

મંગલાચરણ શ્લોકગાન બાદ યજમાનોને પૂજન, કંકણબંધન અને ખેસ અર્પણ કરી પૂજાવિધિ કરવાના અધિકાર અને આશીર્વાદ આપ્યા. ભાવથી શ્રી શારદાપૂજન કરવાના સંકલ્પ ગ્રહણ કરી સૌ યજમાનોએ શ્રી ઠાકોરજી, દેવ સ્વરૂપો અને સર્વ ગુણાતીત સ્વરૂપોનાં આવાહ્‌ન અને સ્થાપન કર્યાં, પૂજન અને પુષ્પાર્પણ કરી ભાવથી સ્વાગત કર્યાં, ધર્મયાત્રા કરીને પરત પધારેલા સંતો અને ભક્તોનાં પણ સ્વાગત કરાયાં. થાળ અર્પણ કર્યા બાદ યજમાનોએ ૧૧ પ્રકારની પવિત્ર સામગ્રીઓ દ્વારા મંચ પર સ્થાપિત શ્રી વહીઓનાં પૂજન કર્યાં. ત્યારબાદ સંતભગવંત સાહેબજી દ્વારા લિખિત સંકલ્પનાં પઠન થયાં તથા સંકલ્પસિદ્ધિ માટે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરવામાં આવી. આ પૂજનવિધિમાં ઉપસ્થિત સૌ સંતોએ મંત્રપુષ્પાંજલિ, આરતી અને લક્ષ્મીવર્ષા કરી આવનારું નવું વર્ષ સૌ યજમાનો માટે લાભદાયી, ફળદાયી અને સુખદાયી નીવડે તે માટે પ્રાર્થનાઓ ધરી. પૂજાવિધિના સમાપન બાદ સ્વાગતસભા યોજાઈ.



સદ્‌ગુરુ સંતો દ્વારા આચાર્યશ્રીઓને પૂજાવિધિ અધિકાર-આશીર્વાદ અર્પણ



સંતો દ્વારા સંતભગવંત સાહેબજીનાં સ્વાગત-પુષ્પહાર અર્પણ



યજમાન ભક્તો દ્વારા શ્રી વહીપૂજન



સંતો દ્વારા શ્રી વહીઓ પર મંત્રપુષ્પાંજલિ અર્પણ



આશીર્દાન : સંતભગવંત સાહેબજી



સદ્‌ગુરુ સંતમહિમા વંદના સભામાં સાહેબજી અને સંતો સાથે ગોષ્ઠિ-પ્રશ્નોત્તરી

સભા પ્રારંભે સાધુ પૂ. સરજુદાસજીએ સંતભગવંત સાહેબજીની ઈંગ્લૅન્ડની ધર્મયાત્રા દરમિયાન તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં તથા અનુપમ મિશનનાં ભારતનાં કેન્દ્રોમાં થયેલ સત્સંગલક્ષી કાર્યક્રમોનો અહેવાલ આપ્યો. પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી પ્રેમ, આદર, ગુરુમાહાત્મ્ય, પ્રાપ્તિ અને પ્રતીતિ તથા જ્ઞાનરૂપી દીપકને પ્રગટાવી આતમજ્યોતિ અખંડ પ્રગટ રાખવાની રૂડી સમજ આપી. ત્યારબાદ પૂ. મનોજદાસજીએ શ્રી નિષ્કુળાનંદ સ્વામીજી દ્વારા રચિત પદ ગાઈને પ્રાર્થનાભાવ ધર્યા. અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં સત્સંગમાં પ્રીતિ અખંડ રાખવાની સમજ આપી તેમજ ભગવાન અને પ્રગટ સ્વરૂપનું માહાત્મ્ય સમજી જીવનો ઉદ્ધાર કરવાનું માર્ગદર્શન આપ્યું. આવા રૂડા આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ ગદ્‌ગદિત થયાં. ◆

## સદ્‌ગુરુ સંતમહિમા વંદના, ૨૧ ઑક્ટોબર ૨૦૨૫

અંતરના અપાર આનંદ સાથે સવારથી ભક્તો મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શનાર્થે પધાર્યા અને હૃદયના ધન્યભાવ અર્પણ કર્યા. ત્યારબાદ 'યોગીપ્રસાદ'માં અન્નકૂટના પ્રસાદનાં બૉક્સ ભરવાની સેવા-ભક્તિમાં સૌ જોડાયાં. તે સેવા સંપન્ન કરી મંદિરજીમાં રાજભોગ આરતીનો લાભ લઈને સભામાં સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ ધન્ય થયાં.

સાંજે 'સદ્‌ગુરુ સંતમહિમા વંદના' સભામાં સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનો લાભ લેવા સૌ 'વર્ણીકુંજ'માં પધાર્યા. સભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીનાં માર્ગદર્શન હેઠળ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા, પૂ, રતિકાકા, પૂ. હર્ષદદાદા, પૂ. અરુણદાદા સાથે ગોષ્ઠિ-પ્રશ્નોત્તરી થઈ. ગુણાતીતભાવ પામવાના, નિર્દોષભાવે ભક્તિ કરવાના, અનુપમ મિશનના ઈતિહાસના, સદ્‌ગુરુ સંતોનાં જીવન-માહાત્મ્યના સુંદર પ્રસંગો દ્વારા સૌને માર્ગદર્શન પ્રાપ્ત થયાં તેમજ સાધના કરતા સાધકોને પ્રભુ પામવાના અને ગુરુહરિને પ્રસન્ન કરવાના સુસ્પષ્ટ માર્ગ પ્રશસ્ત થયા. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના આવા સમાગમ-લાભથી સૌ અનુપમ મિશનના ગૌરવશાળી ઈતિહાસ અને મહિમાથી સુપેરે માહિતગાર થયાં. સૌ ગૌરવાન્વિત થઈને નવલા વર્ષની મંગલ પ્રભાતનો નવા ઉમંગ, જોશ અને આનંદથી આવકાર કરવાના ભાવ સાથે વિસર્જિત થયાં. ◆





અન્નકૂટ પ્રસાદનાં બૉક્સ તૈયાર કરવાની સેવામાં રત સંતો-ભક્તો

## નૂતનવર્ષ મંગલમિલન સભા, અન્નકૂટોત્સવ, ૨૨ ઑક્ટોબર ૨૦૨૫

વિક્રમ સંવત ૨૦૮૨ના વર્ષારંભે ઉદય પામેલ નવલી પ્રભાતની દિવ્ય શાંતિ અને આધ્યાત્મિક ઉજાસને વધાવી લેવા માટે સૌ સંતો-ભક્તો વહેલી સવારથી મંદિરજીમાં એકત્ર થયા. હૃદયની શુભ ભાવનાઓ અને નવા વર્ષની શુભકામનાઓ પરસ્પર આનંદપૂર્વક વહેંચી સૌ ‘વર્ણીકુંજ’માં નૂતનવર્ષ મંગલમિલન સભામાં પધાર્યાં.

સભાના આરંભે અનુપમ સૂરવૃંદના સંતો-સેવકો દ્વારા અદ્‌ભુત કીર્તન-ભક્તિ અદા થઈ. ત્યારબાદ પૂ. મનોજદાસજીએ આશીર્વાદ અને માર્ગદર્શન આપ્યાં. વર્તમાન સમયે સંતભગવંત સાહેબજી રૂપે પ્રગટ શ્રી અક્ષરપુરુષોત્તમના સાકાર સ્વરૂપમાં સમ્યક્ નિર્દોષભાવ રહે, તેઓનું જેવું છે તેવું સ્વરૂપ ઓળખાય અને ભગવાનનાં કાર્ય, તેઓની રીતે, તેઓના પ્રગટ સ્વરૂપને રાજી કરવા કરતા રહીએ તેવા ભાવ ધર્યા. પૂ. રતિકાકાએ આશિષ પાઠવી ભજન કરતાં કરતાં ક્રિયા કરવાની ટેવ પાડવા, સેવા, ભક્તિ અને મહિમામાં રહેવા ધૂન-ભજન-પ્રાર્થનાનું બળ લેવાની સમજ આપી. પૂ. અશ્વિનદાદાએ મંડળમાં સંગઠનભાવ વધે, સંતભગવંત સાહેબજી પ્રતિ સમ્યક્ નિર્દોષભાવ રહે તે માટેની પ્રાર્થના કરી. જ્ઞાનને વર્તનમાં લાવવાની, ક્રિયામય થવાને બદલે ભગવાનમય રહેવાની સમજ આપી. ગુરુ-શિષ્યના સંબંધ અને પ્રેમ-ભક્તિનાં અનુપમ પથદર્શન કર્યાં.



સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી



સદ્‌ગુરુ સાધુ પૂ. રતિદાદા



સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા

સૌ સંતભગવંત સાહેબજીનાં દર્શનની આતુરતાથી પ્રતીક્ષા કરી રહ્યાં હતાં અને પ્રભુમૂર્તિ અને ગુરુસ્મૃતિમાં તલ્લીન હતાં. તેવામાં જ સંતભગવંત સાહેબજી સભામાં પધાર્યા. તેઓનાં દર્શને સૌનાં હૈયાંમાં અપાર આનંદ વ્યાપી ગયો. પૂજન અને પુષ્પાર્પણ દ્વારા સંતોએ નવા વર્ષના ભક્તિભાવ ધર્યા. સૂરવૃંદના રાહુલભાઈ દ્વારા રચિત નવલા કીર્તનને તેઓએ પ્રસ્તુત કર્યું, તેનું શ્રવણ કરી સંતભગવંત સાહેબજીએ ખૂબ પ્રસન્નતા વરસાવી.



આશીર્દાન : સંતભગવંત સાહેબજી

અંતે સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. સૌની સર્વ પ્રકારની સુખાકારી માટે ધૂન કરાવી અને ભગવાન અને સંતને રાજી કરવાનો જ કેવળ જીવનનો ઉદ્દેશ્ય રાખવાની વાત કરી. ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખી ધૂન કરતાં કરતાં ક્રિયા કરવા સમજ આપી. તેમ કરવાથી સઘળાં સુખ, શાંતિ અને આનંદ પ્રાપ્ત થશે તેમ જણાવી વિવિધ દૃષ્ટાંતો સાથે આ ભાવને સમજાવ્યો.

આશીર્વાદ અને માર્ગદર્શનની ધન્યતા અનુભવી સૌ વડીલ ભક્તો નિજ મંદિરજીમાં અન્નકૂટ ઉત્સવ માટે પધાર્યા. અન્ય સૌએ સભાસ્થાને જ વિશાળ સ્ક્રીન પર દર્શન કરી આનંદ માણ્યો. નિજ મંદિરજીમાં અને ‘અક્ષરમહોલ’માં બિરાજમાન શ્રી ઠાકોરજી અને ગુણાતીત સ્વરૂપો સમક્ષ સંતો અને સેવકોએ અદ્‌ભુત અને કલાત્મક રીતે અન્નકૂટ સજાવટ કરી હતી. છેલ્લા કેટલાય દિવસોથી થતી ચીવટાઈભરી સેવા અને વ્યવસ્થાનો રંગ આ સજ્જામાં સહજ અનુભવાઈ રહ્યો હતો. ભક્તોએ જાતે બનાવી લાવેલ વ્યંજનો સંતોએ પ્રભુને ધરાવી ભક્તોના ભાવ અર્પણ કર્યા. સૂરવૃંદના સંતો-સેવકોએ વારાફરતી વિવિધ થાળનાં ભાવવાહી ગાન



સંતભગવંત સાહેબજી દ્વારા નૂતનવર્ષે અન્નકૂટ આરતી અર્પણ

કર્યાં ત્યારે સૌ કોઈ આ તાલમાં ઝૂમી રહ્યાં. સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોએ પણ અનેરી સ્મૃતિ આપી. ઉપસ્થિત સૌ સંતો-ભક્તોએ ખાટા, ગળ્યા, તૂરા, તીખા, કડવા, ખારા એમ તમામ સ્વાદનાં તથા તળેલાં, બાફેલાં, શેકેલાં, બેક કરેલાં, આથેલાં આદિ તમામ પ્રકારે તૈયાર કરાયેલાં આ સઘળાં વ્યંજનો પ્રભુને ભાવથી ધરાવી તેને પ્રેમથી આરોગવા આજીજી કરી. ભિન્ન સ્વાદ, ભિન્ન રંગ, ભિન્ન આકાર, ભિન્ન પ્રકાર અને ભિન્ન બનાવટ હોવા છતાં પ્રભુની સમક્ષ સજાવેલ આ વાનગીઓ પ્રસાદ સ્વરૂપે દર્શનીય હતી. તેવી જ રીતે ભિન્ન સ્વભાવ, પ્રકૃતિ, વિચાર અને વ્યવહાર ધરાવતા ભક્તોને પ્રભુએ સ્વીકાર્યા છે તે ભાવથી સૌને નિર્દોષ માનવાની ભક્તિ કરવા સૌ પ્રેરણા લેતા હોય તેવું અનુભવાયું.



કલ્પેશભાઈ વ્યાસ-અમદાવાદ

આ પ્રસંગે સંતભગવંત સાહેબજીના રૂડા આશીર્વાદ પ્રાપ્ત થયા. તેઓએ અન્નકૂટ બનાવટ, સજાવટ અને થાળગાન દ્વારા ભાવાર્પણ કરનાર તથા ઉત્સવમાં ઉપસ્થિત રહેનાર સૌની ભક્તિને બિરદાવી. અંતે સૌએ અન્નકૂટની આરતી અર્પણ કરી. પ્રકાશપર્વે વિવિધ પ્રકારે આનંદ માણી, આધ્યાત્મિક આનંદ લૂંટી, બ્રહ્મજ્યોતિથી ઉદ્ભવેલ આત્મિક ઉજાસને હૈયે ધારી, નવા વર્ષને આવકારી, ગુરુ આજ્ઞાનુસાર જીવન જીવી લેવા સૌ તત્પર થયાં અને પરમ સંતોષ ને આનંદ લઈ વિસર્જિત થયાં. ◆



હર્ષાબહેન દેસાઈ-મુંબઈ

## ભાઈબીજ-પારિવારિક સંવાદિતા પર્વ, ૨૩ ઑક્ટોબર ૨૦૨૫

ભાઈબીજના શુભ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ 'પારિવારિક સંવાદિતા પર્વ'ની ઉજવણી થઈ. શ્રી ઠાકોરજી મહારાજ, સંતભગવંત સાહેબજી અને સર્વે સદ્ગુરુ સંતોનાં પૂજન અને પુષ્પહારથી સ્વાગત કર્યા બાદ પ્રાસંગિક ઉદ્બોધન કરવામાં આવ્યાં. કર્મયોગની સાથે સાથે પોતાના પરિવારમાં અને સત્સંગી ભક્તો સાથે પણ સંવાદિતા સાધી સંતોની આજ્ઞાએ સેવામાં સક્રિયપણે જોડાયેલા રહેવામાં ગુરુઆજ્ઞા અને ગુરુની કૃપા કેવું કામ કરે છે તે બાબતે કલ્પેશભાઈ વ્યાસ-અમદાવાદ, હર્ષાબહેન દેસાઈ-મુંબઈ, અલકેશભાઈ પટેલ-કરમસદ,ભાવનાબહેન પરમાર-વડોદરા, દીપ્તિબહેન દેસાઈ-અમદાવાદ આદિએ પોતાના અનુભવોની વાતો કરી.



અલકેશભાઈ પટેલ-કરમસદ

ભાઈબીજ નિમિત્તે બહેનો દ્વારા સંત ભાઈઓને સંતભગવંત સાહેબજીને પ્રાગટ્યદિન પર અર્પણ કરવામાં આવેલા વિશિષ્ટ હારની પ્રસાદીનું તિલકિયું અને ચંદનની ગોટી સ્મૃતિભેટ રૂપે અર્પણ કરવામાં આવ્યાં. સભાને અંતે સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી, પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ સૌ ભક્તોને આશીર્વાદ પ્રદાન કર્યા. વિવિધ મંડળોના અનેક ભક્તોએ દર્શન-આશીર્વાદનો લાભ લીધો.



ભાવનાબહેન પરમાર-વડોદરા

સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સંતોનાં સાંનિધ્યની દિવ્યતા તથા તપોભૂમિ બ્રહ્મજ્યોતિની પવિત્રતાના સંસ્પર્શને અંતરે અંકિત કરી નવા વર્ષને ગુરુમુખી, ઠરાવરહિત પ્રભુપ્રીત્યર્થે જીવન જીવવાની મનોકામના સાથે સૌ વિસર્જિત થયાં. વળી, સંતભગવંત સાહેબજીએ આપેલ સૂત્ર-'ભજન કરતાં કરતાં ક્રિયા કરવી'નાં નિરંતર અનુસંધાન રાખી નૂતનવર્ષે ગુરુહરિને પ્રસન્ન કરવાનાં અડગ પ્રણ પણ સૌએ લીધાં.સમગ્ર ઉત્સવ અનેરી સ્મતિઓથી સભર બની રહ્યો. ◆



ભાઈબીજ-પારિવારિક સંવાદિતા પર્વ સભાનું મંચદર્શન



દીપ્તિબહેન દેસાઈ-અમદાવાદ

॥ સ્વામિશ્રીજી ॥



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમનું ૭૨ : 'માહાત્મ્યે સહિત નિશ્ચયનું'નું નિરૂપણ**

**૨૪ એપ્રિલ ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**મુક્તાનંદ સ્વામીએ** પૂછ્યું જે, 'હે મહારાજ! કાલ્યને દિવસ તમે દાદા ખાચર આગળ બહુ રૂડી વાર્તા કરી હતી, તે વાર્તા સાંભળવાની અમારે સર્વેને ઘણી ઈચ્છા છે.'

જુઓ, પરમહંસો મહારાજ સાથે દિવ્યભાવે રહીને કેવો સમાગમ કરતા ! ગુણાતીતાનંદ સ્વામીએ 'વાત'માં કહ્યું, 'ભેળા રહીને મહિમા સમજવો એ પાંચમી ઘાંટી છે.' કારણ કે, ભેળા રહેતા હોય તો બુદ્ધિતત્ત્વ જ્યાં સુધી દિવ્ય નથી થયું ત્યાં સુધી એમની ક્રિયાને વિશે માયિકભાવ આવી જ જાય. ભેળા રહીને સારધાર મહિમા સમજાતો નથી. આમ તો મહિમા સમજતા હોઈએ છીએ, પણ 'મને મળ્યા એ પ્રભુ સદાય સાકાર ને દિવ્ય જ છે' એવી માનીનતામાં કાયમ રહેવાતું નથી. પરમહંસો મહારાજ સાથે ચોવીસ કલાક ને બારેય મહિના ભેળા રહેતા, પણ એમની કેવી દિવ્ય દૃષ્ટિ હતી ! મહારાજને વિષે એમને કેટલો દિવ્યભાવ હતો ! એટલે પરમહંસો કહે છે કે, 'હે મહારાજ ! ગઈ કાલે તમે દાદા ખાચરના દરબારમાં બહુ રૂડી વાત કરી હતી, એ અમને ફરીથી સમજાવો.' તો મહારાજે શી રૂડી વાત કરી હતી ?

આગલા દિવસે 'વચનામૃત' ગઢડા પ્રથમ ૭૧માં મહારાજે વાત કરી હતી કે, *'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે. પણ તે બીજાના દેખ્યામાં આવે નહીં... ને ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી પર વિરાજમાન છે એમ સમજવું.'* ગુણાતીતાનંદ સ્વામીએ પણ પહેલા પ્રકરણની પહેલી વાતમાં વાત કરી કે, *'મહારાજ તો (આજ જીવના કલ્યાણને અર્થે) પોતાનું અક્ષરધામ ને પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય તે લઈને આંહીં (પૃથ્વી) પર પધાર્યા છે.'* એવું જો સમજાય તો જીવ બળિયો થઈ જાય અને એવું નથી સમજાતું ત્યાં જીવમાં દુર્બળતા રહે છે.

આપણે બધા શ્રી સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી છીએ. મંદિરે જઈએ છીએ, ભગવાનનો આશરો છે; પણ ભગવાનનું માહાત્મ્ય નથી. સનાતન હિન્દુ ધર્મમાં મોટા ભાગના માણસો સાત્ત્વિક છે. તેઓ સાત્ત્વિકભાવ સુધી પહોંચે છે, પણ આ દુનિયા પર વધારેમાં વધારે જો દુ:ખી અને ડરપોક કોઈ હોય તો તે સત્ત્વગુણી માણસો. એમને એવું હોય કે, 'બિલાડી આડી ઊતરી તો અપશુકન થયાં, એટલે બહાર જઈશ તો ઍક્સિડન્ટ થશે.' પરીક્ષા આપવા જનાર છોકરો વિચારે કે, 'નાપાસ થઈ જઈશ.' બિલાડી તો એના રસ્તે જાય છે એમાં તમારું શું બગડી ગયું ? પણ ડર્યા કરે. વિધવા સ્ત્રી સામે મળે, દહીં ઢળી જાય તો માને કે, અપશુકન થાય. મંદિરે ના ગયા તો અપશુકન થાય. આ બધું નાનપણથી જે અંદર પેઠું છે એને લઈને ભય રહે છે. અને એને લઈને જ લેભાગુ માણસો ફાવી જતા હોય છે.

વર્ષો પહેલાં અમને અમેરિકામાં એક વાસ્તુશાસ્ત્રી મળી ગયા. તેઓ કહે, 'અહીંયાં આપણું કામ બહુ ચાલે છે. અમેરિકામાં ભારતથી બધા આવ્યા છે, જો કોઈની મોટેલ બરાબર ના ચાલતી હોય તો મને બોલાવે એટલે પછી ત્યાં જઈને બધું જોઉં.' તેઓ મોટેલનો દરવાજો જુએ, રસોડું જુએ, ઑફિસ જુએ, એમની બેસવાની જગ્યા જુએ; એ પ્રમાણે કલાકેક મોટેલનું બધું નિરીક્ષણ કરે પછી જજમૅન્ટ આપે કે, 'તમારી મોટેલના બધા દરવાજા દક્ષિણાદ્વાર છે-દક્ષિણ તરફ ખૂલે છે. દક્ષિણ તરફ દરવાજા ખૂલે એ ચાલે નહીં એટલે એને તમે ઉત્તરાદિ કરી દો તો તમારી મોટેલ ચાલશે.' એક તો મોટેલ બરાબર ચાલતી ના હોય અને પાછો આવો બધો ફેરફાર કરાવી ખર્ચ કરાવે. બિઝનેસ કરવા બેઠા હોઈએ તો ચાર-પાંચ વર્ષે ડાઉન ફૉલ પણ આવે. તમે

શરીર ધારણ કર્યું છે તો બીમાર પણ પડાય, એમાં વાસ્તુશાસ્ત્રને શી લેવાદેવા છે ? પછી પેલા મોટેલવાળા પૂછે કે, 'એનો ઈલાજ શો ?' તો કહે, 'જો તમારે દરવાજા ના બદલવા હોય તો એનો ઉપાય છે, જેનો ખર્ચ દસ હજાર ડોલર થશે. હું ભગવાનની મંતરેલી મૂર્તિઓ એકેએક દરવાજે ફીટ કરી આપું એટલે દોષ નડશે નહીં અને તમારા ધંધા-વેપારમાં નફો કરતા થઈ જશો.' આમ, દશ હજાર ડોલર લઈ જાય. બીજા કોઈક કહે કે, 'અમારી છોકરીનું લગન થતું નથી.' એટલે જ્યોતિષી રાશિ જુએ અને કહે, 'તમારી દીકરીને કાલસર્પ યોગ છે એટલે લગન નહીં થાય.' પછી પેલા એનો ઉપાય પૂછે એટલે જ્યોતિષી કહે કે, 'તમે દસ હજાર રૂપિયા આપીને વિધિ કરાવો તો કાલસર્પ યોગ ઊતરી જશે અને તમારી છોકરીનાં લગન થઈ જશે.' એટલે લઈ જાય દસ હજાર રૂપિયા.

હું ઈંગ્લૅન્ડ હતો ત્યારે એક સ્વામિનારાયણના ચુસ્ત સત્સંગી પણ વાસ્તુશાસ્ત્રના જાણકાર ભાઈ દર્શને આવ્યા. વાસ્તુશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર એ આપણા ઋષિમુનિઓએ હજારો વર્ષની તપશ્ચર્યા કરી, શોધખોળ કરી આપેલા મહાન ગ્રંથો છે. તે ખોટા નથી, પણ તેના નામથી સામાન્ય માણસોને ડર બતાવીને કમાણી કરવા માટે એ શાસ્ત્રોને સાધન બનાવે છે એ ખોટું છે. મકાન બાંધકામમાં હવા-ઉજાસ વગેરે સારાં રહે તે માટે આ શાસ્ત્રોને ફોલો કરીએ, પણ ડર બતાવે તેનાથી માણસે દુઃખી ન થવું. હું કોઈ વાસ્તુશાસ્ત્રીનું સાંભળુંય નહીં ને ચલાવું પણ નહીં, પણ આ નિષ્ઠાવાન હરિભક્ત હતા એટલે આવીને બેઠા, વાતો કરી. આપણી સંસ્થા માટે તેઓને લાગણી છે, પ્રેમ છે, કાયમ સમૈયા-ઉત્સવમાં જોડાય છે. વળી, તેઓ સારા વાસ્તુશાસ્ત્રી પણ છે તેથી પ્રેમથી બોલ્યા કે, 'સાહેબ ! આજે તમને ખાસ મળવા આવ્યો છું.' પછી કહે કે, 'હું જોઉં છું કે, તમે એવા સરસ સાધુઓ છો, આટલી સરસ જગ્યા છે, આટલી સરસ મૂર્તિઓ છે, પણ મારી દૃષ્ટિએ આટલાં વર્ષોમાં જે પ્રોગ્રેસ થવો જોઈએ એ પ્રોગ્રેસ થતો નથી. એનું કારણ કહેવા આવ્યો છું. તમારું જે કિચન છે, એ ઈશાન દિશામાં છે. ઈશાન દિશા એ ભગવાનનો ખૂણો છે. તમારું કિચન અગ્નિ દિશામાં હોવું જોઈએ. તમે કિચન ઈશાન દિશામાં બનાવ્યું છે તેથી ભગવાન દબાયા છે એટલે તમારો પ્રોગ્રેસ થતો નથી. આ કિચનને અગ્નિ દિશામાં લઈ જાવ.' એટલે મેં કહ્યું, 'અગ્નિ દિશામાં તો મંદિર છે. તમે કહો છો તેમ કરીએ તો બે-પાંચ લાખ પાઉન્ડનો ખર્ચ થાય ભલા માણસ !'

ત્રણ દિવસ પછી પેલા સત્સંગી ભાઈને પાછા મળવા બોલાવ્યા. કારણ કે, તેઓ સ્વામિનારાયણના ભગત હતા એટલે મારે એમને ભગવાન શ્રી સ્વામિનારાયણના 'વચનામૃત'ના આધારે સમજાવવા હતા. 'વચનામૃત'ના આધારે મેં તેમને વાત કરી કે, શ્રી સ્વામિનારાયણ ભગવાન 'વચનામૃત'માં બોલ્યા છે કે, 'અમારી ઈચ્છાએ સત્સંગ વધો કે સત્સંગ ઘટો, અમારી ઈચ્છાએ કરીને સાજા રહો કે બીમાર પડો ; પણ અમારી ઈચ્છાએ કરીને બધું થાય છે, એમાં કોઈ બીજું નડતું નથી.' પછી તે પર અમારે-સતીશભાઈ, સ્વામી ને તે ભાઈ સાથે ગોષ્ઠિ થઈ. તેઓ માની ગયા ને પછી કહ્યું કે, 'બરાબર છે.' મેં કહ્યું, 'શ્રી સ્વામિનારાયણ ભગવાને બધું ઠોઈ રાખ્યું છે, શ્રી સ્વામિનારાયણ ભગવાન અમને લોકોને એવા તૈયાર કરશે પછી બધું થશે.'

કહેવાનો અર્થ કે, લોકો ભગવાન શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી મહાવીર, શ્રી બુદ્ધ, શ્રી સ્વામિનારાયણ ભગવાનને માને છે, પણ જીવમાં ભગવાનનું બળ નથી અનુભવતા એટલે બધા ડરાવી જાય છે. એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં આ કહ્યું. અને 'સ્વામીની વાતું'માં પહેલા પ્રકરણની પહેલી વાતમાં પણ સ્વામીએ આ વાત કરી. આ ના સમજીએ તો જીવમાં દુર્બળતા રહે છે. એટલે વાસ્તુશાસ્ત્રી, જ્યોતિષી, ભૂવા, બિલાડાં બિવડાવી જાય છે. કોઈ જ્યોતિષશાસ્ત્રી આવીને કંઈ કહે તો, આપણે કહેવાનું કે, 'અમારું પ્રારબ્ધ અમારો ભગવાન છે. અમારામાં એમનું ધાર્યું થાય છે. કાલસર્પ યોગ હોય કે બિલાડો આડો ઊતરતો હોય, દિશા ગમે તે હશે પણ અમે સુખિયા થવાના થવાના ને થવાના જ છીએ. કારણ કે, અમને ભગવાન મળ્યા છે. અને ધાર્યું તો ભગવાનનું જ થાય છે !' આ ખુમારી કહેવાય ! અને 'ભગવાનની ઈચ્છા હશે એ જ થશે, અને એ અમને માન્ય છે' એવું હોવું જોઈએ. પણ એવો મહિમા હોય તો મનાય ! એટલે યોગીબાપા કહેતા કે, 'મહિમાની કસરને લીધે જ ફરી ને ફરી જન્મ લેવો પડે છે.'

ભગવાન જ્યાં પ્રગટ હોય
ત્યાં કલ્યાણ છે,
જન્મ-મરણનો રોગ ટાળનાર તેઓ છે.





**આત્માનું કલ્યાણ તો ભગવાનધારક સાધુ જ કરી શકે.**

ગુણાતીતાનંદ સ્વામીની પહેલા પ્રકરણની છેલ્લી વાત : *કથા કરે, કીર્તન કરે, વાતું કરે, પણ 'આ દેહ હું નહિ,' એમ માને નહિ. માટે આઠે પહોર ભજન કરવું જે, 'હું દેહ નથી ને દેહમાં રહ્યો એવો જે હું આત્મા છું, બ્રહ્મ છું, અક્ષર છું ને મારે વિષે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રગટ પ્રમાણ અખંડ રહ્યા છે. તે કેવા છે ? તો સર્વ અવતારના અવતારી છે, સર્વ કારણના કારણ છે ને સર્વ થકી પર છે; તે પ્રગટ આ મને મળ્યા તે છે.'* તો બોલો બધાં : 'હું દેહ નથી. મારે વિશે પરમાત્મા, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સદા સર્વદા બિરાજમાન છે. આ ભગવાન સર્વોપરી છે, સર્વ વ્યાપક છે, પ્રગટ છે, સર્વના કર્તા-હર્તા છે. મારી-તમારી-સર્વની બુદ્ધિના પ્રેરક-પ્રવર્તક છે. એવા જે ભગવાન પુરુષોત્તમ નારાયણ તે સાધુ દ્વારા મને પ્રગટ પ્રમાણ મળ્યા છે.' આ વાતમા સાંખ્ય અને યોગ બન્ને આવી ગયાં. આ મહિમા ! આવો મહિમા સમજાય તો જીવને બળ રહે, તાકાત રહે, કોઈ ડરાવી ના જાય, કોઈ ગભરાવી ના જાય, મસ્તી જુદી જ આવે ! આ જે વાત મહારાજે કરી એટલે પરમહંસોએ પૂછ્યું કે, 'કાલે તમે બહુ સારી વાત કરી હતી તે વાત અમને મહારાજ કહો.' એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, 'અમે અમારા અક્ષરધામ સહિત પૃથ્વી પર આવ્યા છીએ.' પણ કોઈએ પૂછ્યું નહીં કે, અક્ષરધામ એટલે શું ?

ગોપાળાનંદ સ્વામીને વિશે એક હરિભક્તને બહુ જ પ્રેમ ! એમણે ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું કે, 'મારે અક્ષરધામ જોવું છે, તો મને અક્ષરધામનાં દર્શન કરાવો.' આપણને બધાને બુદ્ધિતત્ત્વમાં કલ્પના હોય કે, સયાજીરાવ ગાયકવાડનો રાજમહેલ આવો છે, ઈરાકના રાજાનું નહાવાનું ટબ સોનાનું, નળ, દરવાજા બધું સોનાનું છે તો ભગવાનનું ધામ કેવું ચકચકિત હશે ! એવું થાય કે ના થાય ? એટલે પેલા હરિભક્તે કહ્યું, 'મને અક્ષરધામનાં દર્શન કરાવો.' ગોપાળાનંદ સ્વામી ફરતા ફરતા જૂનાગઢ ગયા. પેલા ભગત જોડે જ હતા. સાંજે સૂવાનો સમય હતો એટલે ગુણાતીતાનંદ સ્વામી સૂઈ ગયેલા. એમની બાજુમાં ગોપાળાનંદ સ્વામીનું આસન હતું. પેલા સેવક ચંપી કરવા સેવામાં આવ્યા એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'તારે અક્ષરધામનાં દર્શન કરવા હતાં ને ? તે કરાવું. આ સૂતા છે એ અક્ષરધામ છે, એ અક્ષરધામને દંડવત્ કરી લે.' ભગત વિશ્વાસુ હતા, ગોપાળાનંદ સ્વામીને વિશે અસાધારણ હેત હતું, એટલે વાત મનાઈ ગઈ. એમણે ગુણાતીતાનંદ સ્વામીને દંડવત્ કર્યા. ગુણાતીત એ મહારાજને રહેવાનું ધામ-અક્ષરધામ છે. ભગવાન કહે, 'જે અક્ષરરૂપ થયા એવા સાધુમાં અમે અખંડ છીએ અને રહીએ છીએ.' ગુણાતીતાનંદ સ્વામી એવા હતા એટલે મહારાજ બોલ્યા કે, 'અમે અમારા અક્ષરધામ સહિત આવ્યા છીએ.' એ અક્ષરધામ એટલે કે ગુણાતીતની કોઈને ઓળખાણ જ નહોતી. એ ઓળખાણ શાસ્ત્રીજી મહારાજે કરાવી. બધા અક્ષરધામ એટલે કોઈ 'લોક' હશે એવું માનતા હતા. 'લોક' એટલે જેમ ગુજરાત છે, ભારત છે, ઈંગ્લૅન્ડ છે એવું અક્ષરધામ 'લોક' હશે એવી બધી મગજની કલ્પનાઓ હતી. અક્ષરધામરૂપ સાધુ એ ભગવાનને રહેવાનું ધામ છે; જેમના દ્વારા ભગવાન આપણા માટે કામ કરતા હોય છે.

ડૉક્ટર પણ એક માણસ જ છે. કોઈ ડૉક્ટર બેઠા હોય ને સાથે ડૉક્ટર કરતાં રૂડોરૂપાળો પહેલવાન જેવો બીજો માણસ બેઠો હોય તો આપણે એની જોડે દવા કરાવીએ ? ડૉક્ટર બેઠા હોય ત્યાં જ જઈએ. કારણ કે, એ ડૉક્ટર છે, એમની પાસે ડૉક્ટરની વિદ્યા છે. એમ, ભગવાન જ્યાં પ્રગટ હોય ત્યાં કલ્યાણ છે, જન્મ-મરણનો રોગ ટાળનાર તેઓ છે. કારણ કે, ભગવાન એમનામાં અખંડ રહ્યા છે. ઐશ્વર્ય-પ્રતાપ, રિદ્ધિ-સિદ્ધિ, વચનસિદ્ધિવાળા ઘણા મહાત્માઓ મળશે, પણ તેઓ આત્માનું કલ્યાણ નહીં કરી શકે; આત્માનું કલ્યાણ તો ભગવાનધારક સાધુ જ કરી શકે. અને ભગવાન ત્યાં જ પ્રગટ હોય જ્યાં અક્ષરધામ હોય, અને અક્ષરધામરૂપ થયેલા સાધુ એ ભગવાનને રહેવાનું ધામ છે ! મહારાજે આ વાત 'વચનામૃત' ગઢડા પ્રથમ-૭૧માં કરી કે, 'અમારા અક્ષરધામ સહિત અમે પૃથ્વી પર પધાર્યા છીએ. અને અક્ષરરૂપ થવું હોય તો એવા સાધુરૂપ થાવ, એમની સ્મૃતિ કરો, એમની આજ્ઞા પાળો, એમને ગમે છે એવું-એમને ગમતું કરો તો ભગવાનની પ્રસન્નતા ઊતરશે જે તમને અક્ષરરૂપ બનાવશે, ભગવાનધારક બનાવશે.' એટલે કહ્યું, 'ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે જન્મ ધારણ કરે છે, ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ

અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત જ પધારે છે. પણ તે બીજાના દેખ્યામાં આવે નહીં.'

*માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજાની આગળ પણ એવી રીતે વાર્તા કરવી.*

સાંભળો સંતો ! બહાર જાવ તો શું કરવું ? તો 'મહારાજ પોતાના અક્ષરધામ સહિત બિરાજમાન છે અને સત્પુરુષ દ્વારા ભગવાન પ્રગટ છે ' એવી બીજાની આગળ પણ વાર્તા કરવી, તો તમને-વાર્તા કહેનારને બળ મળશે અને સાંભળનારને પણ બળ મળશે. મહારાજ ગઢડા પ્રથમ-૭૨ 'વચનામૃત'માં આ વાતને આગળ લેતાં કહે છે :

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય ને સંતનું ને સત્સંગીનું માહાત્મ્ય ઘણું જાણતો હોય, ને તે ભક્તનું જો કર્મ કઠણ હોય ને કાળ પણ કઠણ હોય તો પણ તે ભક્તને એવી ભક્તિનું અતિશય બળ છે, તે કાળ ને કર્મ એ બેય મળીને તેનું ભૂંડું કરી શકતાં નથી.**

જોયું ? આવું જેને બળ હોય કે, મને જે મળ્યા એ પ્રભુ અક્ષરધામરૂપ થયેલા સાધુ થકી પ્રગટ છે. ને એમાં સહેજ પણ તર્ક-વિર્તક ના હોય, આશરાની દઢતા હોય-એવો જે ભક્ત હોય તેને એવું માહામ્ય હોય. અને કાળ-ધરતીકંપ થાય, તોફાન આવે, વાવાઝોડું આવે એ કાળનું ચક્ર છે. ગમે એટલો ભયંકર કાળ હોય, ગમે એટલું કર્મ ખરાબ થઈ ગયું હોય પણ એ બેઉ આવા ભક્તને દુખવવા માટે સમર્થ થતાં નથી. જોયું ? ભક્ત તો તોફાનમાં પણ નિશ્ચિંત રહે.

પ્રહ્લાદને બાળવા માટે એને લઈને એની ફોઈ હોલિકા અગ્નિમાં બેઠાં પણ પ્રહ્લાદ નિશ્ચિંત હતો, એને ભગવાનનું બળ હતું તો અગ્નિ પ્રહ્લાદને બાળી ન શક્યા. ગરમ ગરમ થાંભલામાં પણ 'મારો ભગવાન પ્રગટ છે' એવું માનીને એણે થાંભલાને બાથ ભરી તો ભગવાન પ્રગટ થયા. આ જે નિષ્ઠા, આ જે બળ; એ આધ્યાત્મિક માર્ગે બહુ મોટી ઊંચાઈ કહેવાય. ગમે એવો કાળ હોય-તમે જો બસમાં જતા હોવ અને કાળ એ બસને ઊંધી પાડી દેવાનો હોય, પણ તમે બેઠા છો તો બસમાં બીજા જે પચાસ પૅસેન્જર હોય તેઓ પણ સુરક્ષિત થઈ જાય, બચી જાય; કાળ એને કાંઈ કરી ના શકે. વિમાનમાં બેઠા હોવ અને ઍક્સિડન્ટમાં વિમાનના ભુક્કા બોલી જવાના હોય, પણ એમાં કોઈ આવી નિષ્ઠાવાળો હરિભગત બેઠો હોય તો વિમાનમાં બીજા ૫૦૦ પૅસેન્જર પણ એના આધારે બચી જાય. એ પછી મહારાજ આગળ કહે છે :

**અને જેને ભગવાન ને ભગવાનના સંતને વિષે જો નિષ્ઠામાં કાંઈક ફેર હોય તો તેનું ભગવાન રૂડું કરવાને ઈચ્છે તોય પણ રૂડું થતું નથી.**

બહુધા માણસો કલ્યાણ માટે નહીં, પણ કંઈક મેળવવા માટે ભક્તિ કરતાં હોય છે. ઘણાં લગન માટે, ઘણાં નોકરી માટે-એમ કંઈક કામ કરવાનું હોય એટલે મંદિરે આવે, પણ મહિમાથી નહીં. જો કામ થયું તો ઠીક નહીં તો બીજે જાય. એમને કામ સાથે કામ છે. પણ જેમને કલ્યાણનો ખપ છે, 'કેવળ મારા આત્માનું કલ્યાણ કરવું છે' એવી નિષ્ઠાવાળો ભક્ત હોય અને 'દુઃખમાંથી તારનારો તું છે ને સુખનો દેનારો પણ મારો પ્રભુ છે.' એવી દઢતા રાખીને પ્રભુનું બળ રાખીને માહાત્મ્ય સમજે તો એ ભક્તને કાળ ને કર્મ ભેગાં થઈને પણ મૂંઝવી નહીં શકે, દુઃખી નહીં કરી શકે. અને નિષ્ઠામાં જો કસર હોય એને માટે ભગવાન કહે, 'એનું ભગવાન રૂડું કરવાનું ઈચ્છે તોય પણ રૂડું થતું નથી.'

**અને જે ગરીબને કલપાવે તેનું તો કોઈ રીતે રૂડું થાય જ નહીં.**

અહીં 'ગરીબ' શબ્દ લખ્યો છે. કોઈ સામાન્ય રીતે કહે કે, 'આ ગરીબ છે' તો આપણે શું સમજીએ ? ગરીબ એટલે પૈસા ના હોય, ખાવાની તકલીફ હોય, પહેરવાનાં કપડાં ના હોય, રહેવા માટે ઘર ના હોય, ખાવા-પીવા માટે ફાંફાં મારતો હોય એને ગરીબ કહીએ. લૌકિક રીતે એ ગરીબ જરૂર છે, એને પણ નહીં જ દુખવવાનો, પણ મહારાજ જે 'ગરીબ' કહે છે તે ગરીબ ભક્ત એટલે કે જે રાંક હોય એને તમે દુખવો તો ભગવાન કહે, 'એ દુખાય એની ભેગા અમે પણ દુઃખી થઈએ છીએ.' માટે કોઈ પણ ભક્તને દુખવવો નહીં.

નિષ્ઠાવાળો ભક્ત હોય અને દઢતા રાખીને પ્રભુનું બળ રાખીને માહાત્મ્ય સમજે તો એ ભક્તને કાળ ને કર્મ ભેગાં થઈને પણ મૂંઝવી નહીં શકે, દુઃખી નહીં કરી શકે.





> કોઈ પણ ભક્તને દુખવવો નહીં.
> ખમો, નમો, એની સેવા કરો તો
> ભગવાન રાજી થાય.

ખમો, નમો, એની સેવા કરો તો ભગવાન રાજી થાય. એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાન કહે છે :

**અને મહાભારતમાં ભીષ્મપિતાએ રાજા યુધિષ્ઠિરને એમ કહ્યું છે જે, 'જો તું ગરીબને કલપાવીશ તો તું તારા વંશે સહિત બળીને ભસ્મ થઈ જઈશ.' માટે ભગવાનનો ભક્ત હોય અથવા કોઈ બીજો હોય, પણ ગરીબમાત્રને લેશમાત્ર દુખવવો નહીં. અને જો ગરીબને દુખવે તો તેનું કોઈ પ્રકારે સારું થાય નહીં અને જો ગરીબને દુખવે તો બ્રહ્મહત્યા જેટલું પાપ થાય છે. અને તેમ જ કોઈકને માથે જૂઠું કલંક દેવું તે પણ બ્રહ્મહત્યા જેવું જ છે; અને જો સાચું કલંક હોય તો પણ તેને એકાંતે તેડીને તેનું રૂડું થાય એમ કહેવું, પણ તેને ફજેત કરવો નહીં.**

મહારાજ આ વિવેક શિખવાડે છે. આપણને ગરીબની પરખ નથી કે, કોણ ગરીબ છે અને કોણ નથી. આપણે શાકભાજી લેવા જઈએ ને દસ-પંદર રૂપિયાનું શાક લઈએ તો એની પાસે ભાવનો તોડ કરીએ કે, આટલું બધું મોંઘું કેમ વેચે છે? પાંચ રૂપિયા ઓછા કર ને વળી પાછું બે મૂળા મફતમાં માગીએ અને લીલા ધાણા પણ માગીએ. બિચારો સવારથી તડકામાં બેઠો છે તો એને પાંચ રૂપિયા વધારે આપોને ! તમે જુઓ, કેવા માણસો હોય છે ! આપણા ઘરે મજૂરી કરવા માણસ આવ્યો હોય તો ૧૦૦ રૂપિયા આપતાં દલીલ ને વિવાદ કરી એના પર કાપ મૂકીએ અને ડૉક્ટર ઈન્જેકશન મૂકીને હજાર રૂપિયા લઈ જાય તો ડૉક્ટર જોડે દલીલ કર્યા વગર તે જે માંગે તે આપી દઈએ છીએ. પેલા બિચારા મજૂર જેવાને વધારે આપવા જોઈએ તો એ કેટલો ખુશ થાય ! મહેનત કરતો હોય, પરસેવો પાડતો હોય, આખો દિવસ મજૂરી કરતો હોય એવા જે મહેનતુ અને પ્રામાણિક માણસો છે કે જે તમને છેતરતા નથી એને તમે દાદાગીરી કરો છો અને જે તમને છેતરી જાય છે, જ્યાં તમે લુંટાવ છો, ત્યાં તમે સીધાદોર ચાલો છો; પણ એક ગરીબ સાથે તમે માથાકૂટ કરો છો-મહારાજ આ વાત માટે ના પાડે છે અને કહે છે, 'આવા ગરીબોને દુખવવા નહીં, આવા ગરીબોને રાજી રાખજો.' અને ગરીબ પ્રકૃતિનો હરિભક્ત હોય એ ભક્તને ના દુખવવો. ભક્ત દુખાય એના ભેળા ભગવાન પણ દુખાય. અને ભગવાન દુખાય તો આપણું પ્રારબ્ધ ઊભું થાય. પછી એ પ્રારબ્ધ ધોવું પડે અને ત્યારે તકલીફ થાય. એટલે મહારાજે કહ્યું કે, 'કોઈ પણ ભક્ત દુખાય એવું ના કરવું.'


યોગીબાપા કહેતા, મોટો પથ્થર તમારા હાથ ઉપર પડે તો એને તમે કંઈ મુક્કા મારો કે, કેમ પડ્યો ? એને ચામડી ના છોલાય એમ ધીમે રહીને ઊંચકીને હાથ કાઢી લો છો. એમ, ભગવાનના ભક્ત આગળ સરસ સંબંધ રાખવો, એને દુખવવો નહીં, એની જોડે કકળાટ-કંકાસ ના કરવો. ભગવાનના ભગત સામે નમતા રહેવું. આપણું બળ-તાકાત ક્યાં વપરાઈ જાય છે ? તો આવા ભક્તોને દુખવીએ, ભક્તોને ફજેત કરીએ એમાં વપરાઈ જાય છે. કોઈથી ખોટું વર્તાઈ ગયું હોય અને તમને ખબર પડે તો એને ખાનગીમાં કહેવું કે, 'આ સારું નથી થયું એને સુધારજે', પણ એને આખા ગામમાં ફેલાવવું નહીં. ભગવાન કહે, 'અમે એમાં રાજી નથી.' એટલે એવું નહીં કરવાનું. કોઈની પણ ખોટી વાતને ફેલાવવી નહીં, કોઈનો પણ દોષ જોવો નહીં, અને દોષ હોય તો એના ગાણાં ગાવાં નહીં. ગાણાં ગાવાં ગુણગાન ને મહિમાનાં, ગાણાં સાંભળવાં ગુણગાન ને મહિમાનાં. અને ખાસ 'આજ તો ભગવાન પોતાના સાધુ-સંતો સાથે પધાર્યા છે, એ પ્રભુ આવા સંતો દ્વારા મળ્યા છે' એવું માહાત્મ્ય સમજી, એમની સ્મૃતિ સહિત ધૂન-ભજન-પ્રાર્થના કરીએ તો જીવમાં બળ રહેશે, સાત્ત્વિકભાવથી ઉપર-નિર્ગુણભાવમાં જઈશું તો કોઈ આપણને મૂંઝવી નહિ શકે, કોઈ આપણને ડરાવી નહિ શકે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ અભયકર કરીને ઊભા છે કે, 'હે સંતો ! હે ભક્તો ! મારા શરણે રહો, મારું માહાત્મ્ય સમજો તો તમને ડર રહિત કરીશ.' ડર રહિતનો કર-અભયકર છે. અભય-તેઓ એક વરદાન આપે છે કે, 'ડરમાત્ર તમારો નીકળી જશે.' આવું મહારાજનું વરદાન છે ! તો એવું આપણું જીવન બને એવી પ્રાર્થના !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆



# સાધુહૃદયની
## પ્રાર્થનાગંગા



### પ્રભુ !

તમે તપથી રાજી થાવ
તે કેવાં તપ ?
એકલા તનનાં નહિ
તન અને મન બંનેનાં
તનથી આહાર-અનાજ છોડ્યાં
ફલ અને દૂધ પર નિર્વાહ
પોતે તપ આદર્યાં
અણીશુદ્ધ આચર્યાં
સાથીદારો ભળ્યા.
કોઈકથી કંઈક ચુકાયું
તે તમે મન પર ન લીધું
તો તમારાં તપ સાર્થક
ટીકાટિપ્પણમાં પડ્યા
તો તમારાં તપ નિરર્થક.
પ્રભુ રાજી કરવા નિર્દોષભાવ અનિવાર્ય
તમે કરો... અન્ય પ્રતિ અપેક્ષા છોડો
પ્રભુ રાજી તો થશે
બાકી તો ઢોરલાંઘણ
નિર્દોષબુદ્ધિ સાથેનાં તપ એ સાચાં
આત્માને અનુલક્ષ્યે તે થયાં
પ્રભુને રાજી કરવાના ધ્યેયથી થયાં
આપણે તેવાં તપ કર્યાં
તે સૌ પર શ્રીજી સ્વામી બાપા ને સાહેબ રાજી થયા
અન્ય સૌ જે આઘુંપાછું જોવામાં પડ્યા
તે ભૂખે મર્યા પણ ઠેરના ઠેર
કદાચ વાહવાહ થઈ તેટલું જ ફળ
હે પ્રભુ !
અમને આપને રાજી કરવાના હેતુથી જ
પ્રત્યેક કર્મ કરવા બળ આપો ! ◆

**આ** દેહ સાધન છે
પવિત્ર કરી લઈએ
આત્મા શુદ્ધ કરવા એ જરૂરનું
આતમે પ્રભુ બિરાજ્યા
આતમે પ્રભુ સ્વીકાર્યા
પ્રત્યક્ષ સત્પુરુષમાં ભાળ્યા
તે ચરણે સમર્પણ ધર્યાં
મન બુદ્ધિ સોંપ્યાં
અહંભાવ છૂટ્યા
સત્પુરુષમાં સંપૂર્ણ દિવ્યતા
પ્રેમલ એકાત્મભાવ
શ્રીજીમાં છે તેવો ભાવ
સ્વામી ને મહારાજ તેવો અદ્વૈતભાવ
મનુષ્યભાવ જ નહિ
તો વાસના બળી ગઈ
તે સ્વરૂપ જે આ પ્રત્યક્ષ
તેનાં આ સૌ દિવ્ય મનાયાં
તો સ્વભાવ ઓગળી ગયા
હવે
સ્વ રહિત નિર્મલ પ્રેમલસ્વરૂપ
પ્રભુ રાખી પ્રભુ આપે
સૌને સહજાનંદે ભરે
સર્વત્ર સહજાનંદ પ્રસારે
હે પ્રભુ પરમ !
અમને સહજાનંદી બનાવો
અમમાં સહજાનંદ
તેવો સહજાનંદ સૌમાં ભરો... વિસ્તારો ! ◆

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

બ્રહ્મજ્યોતિ, ૨૨.૩. હીરક (૨૦૦૦)

બ્રહ્મજ્યોતિ, ભારત, ૧૫.૧૨.૨૦૦૫





# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

'હું ભક્ત તું ભગવંત, રુદિયે થયો સંબંધ' કીર્તનનું નિરૂપણ
૧૪ જુલાઈ ૨૦૨૫, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી

**મંદિરમાં** હું દાખલ થયો ત્યારે કીર્તન ગવાતું હતું-*'હું ભક્ત તું ભગવંત...'* ખૂબ સુંદર મધુર અવાજ અને હૃદયની ભાવનાથી સંતો-ભક્તો સાથે મળીને કીર્તન ગાતા હતા. આ પ્રાર્થના સિવાય બીજી પ્રાર્થના શું કરવાની હોય ! આ જ કીર્તન કે જે મારી શ્રી ઠાકોરજી મહારાજ ને ગુરુહરિ શ્રી સાહેબજીના શ્રીચરણોમાં ધરવાની પ્રાર્થના છે તે અહીંયાં વાંચી સંભળાવું છું.

*મૂરતિથી શાંતિ મંદિરમાં, હરિથી હૈયામાં, દિવ્ય દિવ્ય રહે દિવ્યતા જો, પ્રગટે પ્રભુતા...!* શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો સિદ્ધાંત-ભગવાન મને સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપે મળ્યા છે. તો આપણે ઇષ્ટદેવ તરીકે, ઉપાસ્યદેવ તરીકે આપણા ભગવાન શ્રી સ્વામિનારાયણને શ્રી મંદિરજીમાં પધરાવ્યા છે; એ મૂર્તિ છે. અને એવા જ એ મૂર્તિને અખંડ ધારીને મનુષ્ય શરીરમાં વિચરતા પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબદાદા આપણને મનુષ્ય આકારે મળ્યા છે. એ બંનેને વિશે આપણને જો સંપૂર્ણ દિવ્યભાવ થઈ જાય તો આપણા સમગ્ર તંત્રમાં પણ દિવ્યતા વ્યાપે. અને પછી આપણા બોલવા-ચાલવા, બેસવા-ઊઠવા, હરવા-ફરવા, ખાવા-પીવાની સઘળી ક્રિયાઓના માધ્યમ દ્વારા, જેમ અત્યારે ગુરુહરિ સાહેબદાદાની મનુષ્યલીલા દ્વારા પ્રભુતા પ્રગટે છે તેવી અંતિમ સ્થિતિને પ્રાપ્ત કરી શકાય.

કીર્તનનું મુખડું સાખીથી બાંધ્યું છે. *'મૂરતિથી શાંતિ મંદિરમાં...'* મંદિર એ માત્ર ઈંટ-ચૂનાનું મકાન નથી, પણ એ પરમ શાંતિ અને ઠરવા માટેનું ધામ છે. ગુરુહરિ સાહેબદાદા કહે છે કે, 'તમે ખાલી તમારા શરીરને અહીંયાં મંદિરમાં લાવીને બેસાડી દો, બાકીનું બધું એમની પર છોડી દો.' તો ખરેખર એમનું વચન સત્ય છે. આ મંદિરમાં જે શાંતિનો અનુભવ થાય છે એ અહીં પધરાવેલા ઇષ્ટદેવની મૂર્તિને કારણે છે અને એમનાં દર્શન કરીને આપણા હૈયામાં પણ શાંતિ શાંતિ થાય છે. એટલે આગળ કહ્યું, *'હરિથી હૈયામાં'*-એટલે સ્થૂળ અને સૂક્ષ્મ બંને ભાવમાં પ્રભુની હાજરી છે તો શાંતિ છે, પ્રેમ છે અને એના પરિણામે આનંદ છે.

આ કીર્તનમાં છેલ્લે ભાવના કરી છે કે, હું જ એવા મંદિરરૂપ બની જાઉં. *'મારું માળખું તારું મંદિર, બનાવજે પ્રભુ.'* 'માળખું' એટલે તંત્ર, પંચભૂતનું-હાડકાં, ચામડાં ને ઇન્દ્રિયો દ્વારા બનેલું આ શરીર કે જેને આપણે 'જંગમ તીર્થ' કહીએ છીએ. સ્થાવર તીર્થ અને જંગમ તીર્થ ! આપણે સદ્‌ભાગી છીએ કે, બંને તીર્થસ્થાનમાં આપણને સદેહે રહેવાનો શ્રી ઠાકોરજીની કૃપાથી અદ્‌ભુત મોકો પ્રાપ્ત થયો છે ! પણ એનો આપણને લાભ ક્યારે મળે ? તો જ્યારે મૂર્તિને વિશે દિવ્યભાવ થાય અને મૂર્તિને ધારીને જે પ્રગટ ગુરુહરિ વિચરી રહ્યા છે તેમને વિશે પણ દિવ્યભાવ થાય તો એમના સંબંધે ને એમના અનુગ્રહથી આપણામાં પણ પ્રભુતા પ્રગટી જાય. આમ તો આપણે જગતના જીવ જગત સાથે ઓતપ્રોત થયેલાં છીએ, પણ આપણામાં જો પ્રભુતા પ્રગટાવવી હોય તો સ્થાવર અને જંગમ તીર્થ એ બંનેનો મહિમા અહીંયાં સમજાવ્યો છે. આપણે તો બ્રહ્મજ્યોતિ પરિસરમાં પ્રગટ ગુરુહરિ સાહેબદાદાની છત્રછાયામાં જ રહીએ છીએ. તો આપણા દ્વારા પ્રભુતા પ્રગટે એટલે કે, મારા વિચાર, મારી વાણી, મારા વર્તન દ્વારા મારા ગુરુની, મારા પ્રભુની સુવાસ પ્રસરે એટલે કે માહાત્મ્ય વધે એવું મારું જીવન બને એ આપણું લક્ષ્ય છે. એને 'પ્રભુતા પ્રગટે' એવા શબ્દોમાં અહીંયાં લખવામાં આવ્યું છે. એના માટેની પ્રાથમિક ભૂમિકા છે, *'હું ભક્ત અને તું ભગવંત.'* હું ભક્ત છું, દાસ છું, સેવક છું, શિષ્ય છું અને તમે મારા ગુરુ છો. અને તે કેવા ગુરુ ?

*'ગુરુર્બ્રહ્મા, ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ । ગુરુર્સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥'* તેવા ગુરુદેવને હું પ્રણામ કરું છું. જેઓ મારી ઉત્પત્તિ, મારી સ્થિતિ અને મારા વિસર્જનને સંભાળે છે એવા ભગવાનરૂપ, ભગવાનસ્વરૂપ તમે મારા ગુરુ છો. હું ભક્ત છું, તમે મારા ભગવાન છો.

*'હૃદિયે થયો સંબંધ'* અમારો ને તમારો સંબંધ એ માત્ર શારીરિક સંબંધ નથી. મારો ને મારા ગુરુદેવ, મારા પ્રભુસ્વરૂપ સંત સાથેનો સંબંધ એ હૃદયથી હૃદયનો ભાવ છે. જેમને આપણે છાતીએ વળગાડીને મળીએ છીએ એની પાછળનો ભાવ પણ એ છે કે, તમારા હૃદયમાં જે ભાવ છે એ જ ભાવ મારા હૃદયમાં છે – જેને આપણા સત્સંગની ભાષામાં 'સહૃદયતા' કહેવામાં આવે છે. 'સહૃદયતા'ના ઘણા અર્થ થાય છે, પણ એનો સૌથી ઊંચો આધ્યાત્મિક અર્થ એમ પણ કરી શકાય કે, જે પ્રભુ તમારા હૃદયમાં ધબકી રહ્યા છે એમનો જ ધબકાર મારું હૃદય પણ તમારા આશીર્વાદ ને કૃપાથી ઝીલી રહ્યું છે. એ એમના વિશેનો દાસભાવ થયો, સેવકભાવ થયો, શિષ્યભાવ થયો. અને એમના જેવા, એમનારૂપ થઈ ગયા હોવા છતાંય પણ હું તો એમનો દાસ છું, એમનો સેવક છું, તેઓ તો પરના પર છે ને મારું જે કંઈ પણ છે તે એમની કૃપાને કારણે છે એમ માનવું એ અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો સિદ્ધાંત છે – વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત છે. એ સિદ્ધાંતના સંબંધે હું ભક્ત છું અને તમે ભગવાન છો. અને આ જન્મે મારો ને તમારો આ શરીર દ્વારા હૃદયથી હૃદયનો સંબંધ બંધાયો છે.

તરુણ અવસ્થામાં આવ્યા ત્યારથી આપણે હૃદય દોરીને અંદર તીર મારવાનાં ચિત્રો દોરતાં આવ્યાં છીએ, જોતાં આવ્યાં છીએ અને એવું હૃદય વિંધાઈ જાય એવા પ્રેમની વાતો પણ સાંભળી છે. પણ અહીંયાં ભગવાનધારક સંત – મારા ગુરુ સાથે જે સંબંધ કરવાનો છે એ માત્ર દૈહિક, લૌકિક સંબંધ નહીં, પણ હૃદયથી સંબંધ કરવાનો છે. એના માટે આપણે કોઈ પ્રયત્ન નથી કરવાનો, તેઓ જ એમની મૂર્તિથી આપણને એમનામાં ખેંચે છે. તેઓ કોઈ ને કોઈ ક્રિયાના માધ્યમ દ્વારા આપણને મૂર્તિ આપે છે, જે ફક્ત મારા માટે છે. એક કીર્તન છે કે, *'એવી મૂર્તિ તમે મને આપી પણ એ બીજાને કહેવામાં મેં એને ઓકી કાઢી.'* એ મારી કરીને મેં રાખી ના લીધી. એટલે હું જે ઘણી વખત કહું છું કે, આપણે બીજાને સત્સંગ કરાવવાનો નથી આપણે પોતે સત્સંગ કરવાનો છે.

જો તમને તમારા શરીરના માધ્યમ દ્વારા દિવ્યતા મનાઈ હોય, દિવ્યતા થઈ હોય અથવા દિવ્યતા કરવા તરફની આપણી રુચિ ને અભિગમ હોય તો જ એને 'મૂર્તિ આપી' એમ કહેવાય. શાસ્ત્રની ભાષામાં એને 'લીલા' કહેવાય. તેઓ તો પ્રભુધારક છે અને પોતાના સંબંધ-સંપર્કમાં આવનારાં ચૈતન્યોનાં હૃદયમાં પ્રભુ પધરાવવા માટે અને એનાથી આગળ હૃદયથી હૃદયનો સંબંધ જોડવા માટે તેઓ આપણને મૂર્તિ આપે છે. પણ એના માટે શિષ્યની-સેવકની તૈયારી હોવી જોઈએ, એની અભીપ્સા હોવી જોઈએ, એની ઇચ્છા થવી જોઈએ. પૂર્વના સંસ્કાર, માતા-પિતાના રૂડા સંસ્કાર ને પૂર્વનું સુકૃત હોય તો એવા પુણ્યશાળી જીવો આ કૃપા મેળવવાને માટે સદ્‌ભાગી થાય છે.

જેમ એક કીર્તનમાં આપણે પ્રાર્થના ગાઈએ છીએ કે, *'મસ્તકના મુકુટ જેવો તારો સંબંધી, હું માનું એવી મનમાં ઇચ્છા તો મેં કીધી'* બસ, આવી ઇચ્છા થશે તો જરૂર એક દિવસ એ ઇચ્છાની પૂર્તિ પણ થશે અને સંબંધવાળા ભક્તો માથાના મુકુટ જેવા એટલે કે નિર્દોષ ને દિવ્ય મનાતા એટલે કે સ્વીકારાતા જશે.

એ જ વાત અહીંયાં પણ આવે છે કે, એ શિષ્ય, એ સેવક સુપાત્ર બન્યો કે જે આ કૃપાને ઝીલી શકે અને એના માટે એના પક્ષેથી એની પાસે જે કંઈ પણ છે તે એક અભીપ્સા છે, એક ઇચ્છા છે, એક ભાવ છે, ભાવના છે. કોઈકનું જોઈને, જાણીને કરવાની કે એ માર્ગે ચાલવાની પણ ઇચ્છા થઈ એ પૂર્વજન્મનાં સુકૃત છે. તો એ પ્રભુરૂપ ગુરુ શું કરે છે ? *'મૂર્તિમાં ખેંચ્યો મુક્ત કરવા...'* માયાનો જીવ માયામાંથી ખેંચી અને મુક્ત કક્ષામાં મૂકવાનો એમ પણ એનું અર્થઘટન થાય. અને એના માટે એમણે પોતાની મૂર્તિ આપી.

*'મૂર્તિમાં ખેંચ્યો મુક્ત કરવા, કર્યો ન તેં વિલંબ...'* એક વખત ચૈતન્ય ઝપટમાં આવે પછી તેઓ એક પણ ક્ષણ વેડફતા નથી, 'વિલંબ' – મોડું કરતા નથી. કારણ કે, એમના જીવનમાં આળસ નથી, પ્રમાદ નથી તેથી પ્રભુની સેવા માટે જે પળે જે કરવાનું હોય એ તેઓ તત્ક્ષણ જ કરી દે છે. જ્યારે આપણને શિષ્ય તરીકે શિખવાડવું પડે છે કે, આળસ મૂકો, પ્રમાદ મૂકો, ગાફલાઈ મૂકો. જેમણે મૂક્યાં છે તેઓ આપણને કહી શકે છે કે, તમે પણ મૂકો તો ભગવાનના સુખે સુખિયા થઈ જશો. એટલે અહીંયાં બહુ સુંદર શબ્દપ્રયોગ કર્યો છે – *'કર્યો ન તેં વિલંબ'* – મોડું કરતા નથી. *'કલ કરો સો આજ કરો, આજ કરો સો અબ, મૂળ વિનાનું ધોકડું, ઢળી પડશે ઢબ તો કરેગા કબ ?'*

*'સર્વોપરી તું સર્વવ્યાપી, પ્રાર્થું શીશ નામી, જેવા છો તેવા ઓળખાજો એ, પ્રાર્થના રે' મારી.'* *'સર્વોપરી તું સર્વવ્યાપી'* – ભગવાન સદા દિવ્ય, સાકાર, પ્રગટ ને પ્રત્યક્ષ છે. કણકણમાં ને ઘટઘટમાં તેઓ બિરાજી રહ્યા છે એટલું જ નહીં, વ્યાપી રહ્યા છે ને કાર્ય કરી રહ્યા છે. ભગવાનના પરમ તત્ત્વને સર્વોપરી ને સર્વવ્યાપી કહેવામાં આવે છે. આજે મને એક મેસેજ આવ્યો છે કે, 'તમે સ્વીકારો કે ના સ્વીકારો, પણ જે થાય છે એ તમારા સારા માટે જ થાય છે, તો સ્વીકારી લેવું એ ડહાપણનું કામ છે.' એ વાતને આપણી સત્સંગની ભાષામાં એમ કહેવામાં આવે છે કે, હરિને આપણી ઉપર બહુ હેત છે એટલે આપણું રૂડું થાય, ભલું થાય, આપણે આધ્યાત્મિક રીતે આગળ વધીએ, મૂર્તિની સાથે એકરૂપ થઈએ એટલે તેઓ જ આપણી આજુબાજુ બધું કરી-કરાવી રહ્યા છે.

*'સર્વોપરી તું સર્વવ્યાપી'* – સર્વમાં તેઓ વ્યાપેલા છે અને સર્વોપરી છે, સર્વ સત્તાધીશ છે. બીજા કરતાં મોટા એમ સરખામણીમાં સર્વોપરી નહીં, પણ મારા જીવનમાં તમે જ સર્વોપરી છો, સર્વશ્રેષ્ઠ છો, ઉત્તમ છો અને તમે મને જ્યાં અને જેમની સાથે રાખ્યો છે એ સૌથી વધારે સારું અને સાનુકૂળ છે એમ જે સ્વીકારે છે તે શિષ્ય છે, તે ભક્ત છે, તે સેવક છે.

*'પ્રાર્થું શીશ નામી'* – શીશ નમાવીને હું તમને પ્રાર્થના કરું છું. 'શીશ' – શરીરનો એક ભાગ, જેને માથું કહેવામાં આવે છે. જેની અંદર મગજ રહેલું છે, પણ જે દેખાતું નથી. મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર એ ચારેયનો જ્યાં વાસ છે તે મસ્તક. એટલે મસ્તક બહુ અગત્યનું છે. એટલે જ આપણે મંદિરમાં આવીને નતમસ્તક થઈને પ્રણામ કરીએ છીએ. 'નત' એટલે નહીં, હું મને ગણતો નથી, તમને જ ગણું છું, તમે જ મુખ્ય છો, તમે જ સર્વોપરી છો, તમારી આગળ હું કાંઈ નથી – એવો જે પોતાની જાતને વિશે ભાવ લાવે છે તે નતમસ્તક થયો એમ

કહેવાય. સંસ્કૃત-દેવભાષામાંથી ઊતરી આવેલી આપણી ગુજરાતી માતૃભાષા એ શબ્દને જ સમજીએ તો આખો જે ભાવ છે તે આપણને ખબર પડે છે. કેટલાક પંડિતોએ એમ કહ્યું છે કે, તમે 'પગરખાં' મંદિરની બહાર કાઢીને આવો છો, પણ ભેગા 'અભરખા' પણ બહાર કાઢીને આવો તો નતમસ્તક થવાય. અભરખા ભેગા લઈને આવ્યા હોય એનાથી નતમસ્તક થવાય નહીં.

*'જેવા છો તેવા ઓળખાજો એ, પ્રાર્થના રે' મારી.'* કાયમ માટેની મારી પ્રાર્થના છે કે, તમે જેવા છો એટલે આપણે એમને જે રીતે ઓળખ્યા છે, આપણે જે રીતે જાણ્યા છે, આપણી બુદ્ધિ, આપણી માન્યતાના ચોકઠામાં આપણને ફીટ થાય એ રીતે આપણે માન્યા છે; પણ ખરેખર તો એનાથી તેઓ ખૂબ વિશાળ અને ખૂબ મોટા છે એટલે મારી કાયમની આ પ્રાર્થના રહેશે. યોગીબાપા પણ હંમેશાં એમ કહેતા કે, 'હે શાસ્ત્રીજી મહારાજ ! તમારું જેવું છે તેવું સ્વરૂપ ઓળખાવજો.' યોગીબાપાએ આપણને એ પણ શિખવાડ્યું કે, જે ગુરુ પાસે આપણે રહીએ છીએ એ પ્રભુનું સ્વરૂપ છે એવું આપણને મનાતું નથી એટલે આપણી કાયમની પ્રાર્થના રહે છે કે, 'તમારું જેવું છે તેવું સ્વરૂપ ઓળખાવજો.' શાસ્ત્રની ભાષામાં તેઓ પ્રભુનું સ્વરૂપ છે, ગુણાતીત સંત છે અને આપણા માટે પ્રગટ ગુરુહરિ છે; તો કાયમ માટે એ મારી પ્રાર્થના રહે કે, તમે જેવા છો તેવા મને ઓળખાજો.

ભગવાન શ્રી કૃષ્ણએ અર્જુનને વિરાટ સ્વરૂપે દર્શન આપ્યું. અર્જુન જે શ્રી કૃષ્ણને ઓળખતા હતા એ શ્રી કૃષ્ણ અને વિરાટ સ્વરૂપે શ્રી કૃષ્ણએ યુદ્ધની ભૂમિ ઉપર અર્જુનને જે દર્શન આપ્યું તે બેની વચ્ચે ભેદ છે. અને મનુષ્ય તરીકે એ ભેદ અર્જુન સહન કરી શકતો નથી એટલે પ્રભુને પ્રાર્થના કરે છે કે, 'તમે જેવા હતા તેવા થઈ જાવ તો મને તમારી મૂર્તિનાં દર્શનનું સુખ મળે અને તમારી સાથે હું વાર્તાલાપ કરી શકું.' એમ, આપણા પ્રગટ ગુરુહરિનું એટલું મોટું વિરાટ સ્વરૂપ છે કે, એમની સત્તા, એમનું સામર્થ્ય, એમનું ઐશ્વર્ય, એમનો પ્રતાપ, એમનો પ્રભાવ, કે જેની આપણે વ્યાખ્યા કરીએ છીએ એનાં છૂટક છૂટક દર્શન આપણને ક્યાંક ને ક્યાંક, કોઈ પ્રસંગે, કોઈક નિમિત્તે કરવાનો અદ્ભુત લાભ મળ્યો છે ! અને ત્યારે આપણે સ્વીકાર્યું છે કે, યોગીબાપાએ જે કહ્યું હતું કે, 'તમે જે ધારશો તે થશે' એ સાચું છે. પણ પાછું ભૂલી જઈએ છીએ ને પાછા આપણે એમને આપણા જેવા જ માની એમની સાથે રમીએ-જમીએ, હરીએ-ફરીએ, વાતચીત કરીએ-મળીએ છીએ. તેઓ આપણી ખબર પૂછે ને આપણે એમની ખબર પૂછીએ છીએ એટલે સહજભાવમાં, મનુષ્યભાવમાં આવી જઈએ છીએ; પણ એમનું દર્શન તો તેઓ કરાવે જ છે.

ફરીથી શબ્દપ્રયોગ કરું. એમની સત્તા, એમની સામર્થી, એમનું ઐશ્વર્ય, એમનો પ્રતાપ, એમનો પ્રભાવ ને એમણે બોલેલા આશીર્વાદના શબ્દોની તાકાત ! એ બધાનો આપણે ક્યારેક ને ક્યારેક આપણા જીવનમાં કોઈ પ્રસંગે અનુભવ કર્યો હશે, જે આપણે સૌની વચ્ચે વહેંચ્યો હશે. ને એ બધાનો સરવાળો કરીએ તોય હજુ એ દર્શન પૂરાં થઈ શકતાં નથી. અને એટલે 'શ્રુતિ'માં જે કહ્યું, *'ૐ પૂર્ણ મદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે । પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥'* પૂર્ણમાંથી પૂર્ણ લઈ લઈએ તો પણ પૂર્ણ જ બચે છે એવા તમે પૂર્ણ છો; એ આપણી પ્રાર્થના છે ! તો તેઓ કેવા હશે ! એના માટેની આપણી કાયમ માટેની પ્રાર્થના છે કે, તમે જેવા છો તેવા મને ઓળખાજો.

આપણે બીજાને સ્વરૂપ ઓળખાવવા નીકળી પડ્યા છીએ કે, જુઓ, અમારા સાહેબ કેટલા મોટા છે ! અમારા ગુરુ કેટલા મોટા છે ! એમણે કેવાં મોટાં મોટાં કામો કર્યાં છે ને એમના દ્વારા કેવા મોટા મોટા પ્રૉજેક્ટ ચાલી રહ્યા છે ! આપણે મન જેની મોટપ છે એને માધ્યમ બનાવીને આપણે બીજાની આગળ એની રજૂઆત કરીએ છીએ અને આપણા માટે એ માપદંડથી તેઓ મોટા છે. એટલે સાહેબદાદા આપણને ઘણી વખત કહે છે કે, આપણને સાધુ ઓળખતાં જ આવડતું નથી. જેમની પાસે ગાડીઓનો કાફલો હોય, જેમની પાસે વૈભવી ઈમારતો હોય, જેમના હજારો શિષ્યો હોય એને આપણે મોટા માની લઈએ છીએ. પણ 'મને જે મળ્યા છે એ જ મારા માટે મોટા ને સર્વોપરી છે' એમ માનવું બહુ અઘરું થઈ પડે છે.

*'પૂર્ણ પ્રાપ્તિ થયાનો મુજને, રહે પરમ આનંદ...'* મારે માટે તો વિદ્યાની પ્રાપ્તિ પણ તમે છો, ધનની પ્રાપ્તિ પણ તમે જ છો. *'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બન્ધુશ્ચ સખા ત્વમેવ । ત્વમેવ વિદ્યા ચ દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ ।।'* એવું આપણા ગુરુને-પ્રભુને-સાહેબદાદાને કહેવાનું કે, તમે મળ્યા એટલે મિત્રો-ભાઈબંધ મળી ગયા, ભાઈ મળી ગયા, માતા-પિતા મળી ગયાં, વિદ્યા મળી ગઈ, લક્ષ્મી મળી ગઈ; બધું એક જ ઠેકાણેથી મળી ગયું. એવી આ એક જ જગ્યા છે, એવી આ એક જ દુકાન છે કે જ્યાં બધું મળે. પણ, એ પૂર્ણ પ્રાપ્તિનો મને પોતાને અહેસાસ થવો જોઈએ. મને જ અહેસાસ ના હોય એટલે ખૂટતું બીજે શોધવા નીકળું તો ક્યાંથી પ્રાપ્તિ થાય ?

બહુ સુંદર શબ્દો છે *'પૂર્ણ પ્રાપ્તિ થયાનો મુજને, રહે પરમ આનંદ.'* જેને આ અહેસાસ થઈ ગયો હોય. જેને પોતાના દિલની અંદર એની સભરતા હોય. 'અહેસાસ' એટલે હોવાનો ભાવ-કલ્પના નહીં, ધારણા નહીં. અહીં ધારવાની વાત નથી, અહીં તો નક્કર એકડો માંડવાની વાત છે. પછી એની પાછળ જેટલાં મીંડાં ચઢાવો એટલી એની કિંમત વધતી જાય છે. અહેસાસ થવો જોઈએ, અનુભવાવું જોઈએ. એની કૉન્સ્ટન્ટ ઍન્ડ કન્ટિન્યૂઅસ અવૅરનેસ રહેવી જોઈએ તો એ અહેસાસ છે ! પછી એ આનંદ શોધવા જવાનો રહેતો નથી. કોઈ ચીજ, વસ્તુ, પદાર્થમાં - ક્યાંય એ આનંદ નથી, એ આનંદ તમારી અંદર જ છે; એવો જેને અહેસાસ રહ્યા કરે એને એવા પરમ આનંદની પ્રાપ્તિ થાય છે. એ આપણી ઝંખના છે, એ માટેનો આપણો પ્રયત્ન છે અને એ કેવી રીતે થાય છે તે આગળ આગળ તેઓ સમજાવતા જાય છે.

૮૩ વર્ષ પૂરાં કરીને ૮૪મું વરસ બેસશે ત્યારે માગવા જેવું ને પામવા જેવું જે છે તેવી ખૂબ સુંદર આ પ્રાર્થના શ્રી ઠાકોરજી મહારાજને ધારીને જે રહ્યા છે એવા મારા ગુરુહરિ સાહેબદાદાના શ્રી ચરણોમાં ધરીને આપ સર્વને વિશે આભાર અને ધન્યતાની લાગણી વ્યક્ત કરું છું !

સર્વને ભાવભર્યા હૃદયથી પ્રણામ સાથે જય શ્રી સ્વામિનારાયણ ! ◆

# From Ordinary to Divine: A Family's Journey with Shantidada

~ Saheli Sheth (Peoria, USA)

**Sant** Bhagwant Sahebji lovingly shared with me, "Write your next article on this: **how life is transformed after connecting with a God-realized Sant**, and how the best example of that is your Pappa-Pujya Bimal Sheth."

Tears welled in my eyes as I imagined how different life would be if Sadguru Sant Param Pujya Shantidada hadn't entered. Shantidada taught my dad how to **use faith to manage his emotions.**

After a strong connection with Shantidada, my dad has become the calm anchor I turn to when I need stability in my life. Satsang taught him, *"If you feel* ***angry****, don't reply immediately. Say 'Swaminarayan' 11 times in your mind, and automatically, the anger will lessen by the time you're done."*

During our college years, my dad would frequently check our locations to ensure we were safe and sound in our campus apartments at night, two hours away from him. Now, to manage his **worry**, he prays and leaves it in God's hands, knowing that logically, even if something happened, he wouldn't be able to drive two hours to get there right away. Instead, he keeps faith and trusts that God will send someone. This is the power of Shantidada's blessing, *"Stay nischint. Your daughters are my responsibility now."*

I recalled my dad's **stress** as a financial advisor during the 2008 US recession. Equanimity personified, Shantidada taught my dad how to be stable in any situation. Now, when the stock market goes up, my dad exclaims a humble *"Maharaj ni ichchha!"* [It is God's wish!] And when the stock market drops, he bows to the God above - *"Maharaj ni ichchha."* **Whether positive or negative, God is the all-doer.** This ultimate truth has revolutionized his relationship with his career and his entire well-being.

Shantidada's teachings also shifted family relationships. My dad listens to us daughters as if God is speaking through us. Rather than just seeing us as children, he sees the God within us and openly accepts our suggestions, as if they came from God Himself.

Shantidada teaches us humility and respect. If my dad sees any leftovers on my mom's plate, he will pick them up and take them so she can enjoy the fresh food. He waits for my mom to join him at the table, calling her twice for her to join, and doesn't start a bite until she's there next to him. Why? Because Shantidada teaches us to eat together with harmony as a family.

The gift my dad gave me through his connection with Shantidada wasn't just **faith**. He gave me one of the most important things a parent can give a child: emotional **stability**. I believe in the power of God and guru, not because of any changes I see in myself, but because of the changes I see in my dad. Before, I was raised by normal human parents. Now, with my parents calling on the strength and love of God daily, **I feel like I am raised by God Himself.** The most precious gift we can give our loved ones is our own connection with a God-realized Sant. Keep the company of a God-realized Sant, and watch this mundane life transform into a colorful, divine life. ◆

# ઈમોશનલ ઈન્ટેલિજન્સ (ભાવનાત્મક સૂઝ) : આપણાં બાળકો માટે અમૂલ્ય ભેટ

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

*ભાવનાત્મક સ્વીકૃતિ*

જો તમે સોડાની બોટલને હલાવીને ખોલો તો શું થાય? એ છલકાઈને ઊભરાઈ જાય ! આવું જ કંઈક આપણા જીવનમાં ઘણીવાર બનતું હોય છે. આપણી અંદર દબાયેલી નકારાત્મક ભાવનાઓની ઉપેક્ષા કરવાથી અથવા મનમાં દબાવી રાખવાથી આપણા જીવનમાં ના ઇચ્છવા છતાં પણ, ગમે ત્યારે, ગમે ત્યાં અને ગમે તેની સામે આ નકારાત્મક ભાવનાઓનો ઊભરો આવી જતો હોય છે.

આપણને મળેલો અદ્ભુત સત્સંગ **આપણને *ઈમોશનલ ઈન્ટેલિજન્સ* (ભાવનાત્મક સૂઝ)ની કળા શીખવે છે,** પરિણામે આપણે આપણી ભાવનાઓની સ્વીકૃતિ સહજ રીતે કરી અને મિત્રતા કેળવીને સંવાદિત જીવન જીવતાં થઈએ છીએ.

સહજતાથી અસ્વસ્થ કરતી ભાવનાઓનો સ્વીકાર કરી સમતા રાખવી શક્ય છે ! આનો અનુભવ મને પૂ. શાંતિદાદાનાં કૃપાપાત્ર સેવક પૂ. સીમાદીદી સાથે કેટલીકવાર થયો. પૂજ્ય શાંતિદાદાના અક્ષરધામગમન બાદ ઘણીવાર હું તેઓની ખોટ અનુભવતી હતી. કેટલીકવાર પૂ. સીમાદીદીની સામે હું ખૂબ જ રડી છું. તેઓ જાણે મારા દુ:ખનો સ્વીકાર કરી મારા દુ:ખમાં મારાં સહભાગી બની, પૂર્ણ સ્વીકૃતિના ભાવ સાથે, મારા હાથ ઉપર હાથ મૂકી એ સ્વીકૃતિની અભિવ્યક્તિ કરતાં. તેઓ મને સાંત્વના આપી શાંત કરવાનો પ્રયત્ન કરી કશુંય બદલવાના પ્રયત્નો નહોતા કરી રહ્યાં – ફક્ત પૂર્ણ સ્વીકૃતિ !

સીમાદીદીએ હંમેશાં મને બળ મળે તે માટે પ્રાર્થના કરી છે. એમની એ ખૂબ સરળ રીત છે. તેઓ મારા હાથ પર હાથ મૂકીને આંખો બંધ કરી, અશ્રુ વહાવતાં ધૂન કરતાં. તેમની એ પ્રાર્થનાએ મને એક નવો ઉદ્દેશ આપ્યો. મારી સમસ્યાઓથી અત્યંત ચિંતિત થવાને બદલે તેઓએ પ્રાર્થના અને ધૂનનો સહારો લઈને મને બળથી ભરી દીધી.

સીમાદીદીનું વ્યક્તિત્વ અમારાં જેવાં ઘણાંને સાંત્વના આપે એવું છે. જેનું કારણ તેઓના ગુરુ પૂ. શાંતિદાદા, સંતભગવંત પૂજ્ય સાહેબજી અને શ્રી ઠાકોરજીની કૃપાથી તેઓ પોતાની ભાવનાઓના ડરથી ઉપર ઊઠી શકે છે. તેઓ મારી સાથે શેર કરતાં કે જ્યારે જ્યારે તેઓ પણ રડતાં ત્યારે અશ્રુને રોકવા કોઈ પ્રયત્ન ન કરતાં, ના તો કોઈ અર્થઘટન ઉમેરતાં ! જાણે સાક્ષીભાવે જોતાં હોય તેવી રીતે એ ભાવનો પણ સહજતાથી સ્વીકાર કરતાં હોય, કશું પણ બદલવાનો કે રોકવાનો પ્રયત્ન જ નહીં.

આમાંથી શીખવા મળ્યું કે, જ્યારે આપણે આપણી ભાવનાઓનો પૂર્ણ રીતે સ્વીકાર કરી શકીએ ત્યારે કોઈ પણ બદલાવ કરવાની આવશ્યકતા જ ન રહે. અને ત્યારે માનસિક અને ભાવનાત્મક સમતા સંભવ બને છે અને એ જ કળા આપણે આપણાં બાળકોને પણ શિખવાડી શકીએ.

આપણાં બાળકો આપણી શિખામણોથી નહીં પણ આપણને જોઈને જ શીખે છે. આપણું જીવન જોઈ બાળકો પણ ભાવનાત્મક સ્વીકૃતિ શીખશે. ઉદાહરણ તરીકે, યાદ કરો કે જ્યારે તમારાં માતા-પિતા અથવા વડીલો તણાવમાં, દુઃખી કે ગુસ્સે હોય ત્યારે તેઓ શું કરતાં હતાં ?

તેઓ ઊંચા સાદે બોલતાં ? તેઓએ એમનાં દર્દનાં નિવારણ માટે લીધો કોઈ વ્યસનનો સહારો ? શું એ દર્દને ટાળવા તેઓ ઘણા કલાકો સૂઈ રહેતાં ? શું તેઓએ અન્ય કોઈ પર ગુસ્સો કાઢ્યો ?

*અથવા*

શું તેઓ એક ઊંડો શ્વાસ લઈને એમના રૂમમાં જતાં રહ્યાં ?

શું એમણે કોઈ કલાત્મક પ્રવૃત્તિમાં એમના મનને જોડ્યું ?

શું શાંત થયા પછી એમની લાગણીઓ સહજતાથી શૅર કરી ?

શું તેઓ ભગવાન અને ગુરુને પ્રાર્થના કરતાં ?

જીવનમાં ઘણું બધું આપણે આપણાં માતા-પિતાને જોઈએને શીખ્યાં છીએ. બરાબર તે જ રીતે આપણાં બાળકો પણ આપણને જોઈને જ શીખે છે. કોઈ પણ પરિસ્થિતિમાં આપણું વર્તન જ તેઓને જીવનના બોધપાઠ ભણાવી જાય છે. આપણાં બાળકો અન્ય વ્યક્તિ પર એકદમ અવિવેકથી પોતાની લાગણીઓનો ભાર ઢોળે એવું આપણે ક્યારેય ના ઇચ્છીએ. તેઓને પોતાની નકારાત્મક ભાવનાઓને સાચી દિશા આપતાં શિખવાડવી હોય તો સ્વયંને નિખાલસતાથી કેટલાક પ્રશ્ન કરવા જોઈએ. જ્યારે આપણે તણાવ, ચિંતા, ગુસ્સો કે અન્ય એવી પરિસ્થિતિમાં હોઈએ ત્યારે આપણાં વાણી ને વર્તન કેવાં હોય છે ?

શું આપણે ઊંચા અવાજે બોલીએ છીએ કે પછી શાંત થવા બહાર ચાલવા જઈએ છીએ ?

શું આપણે ચિંતાઓથી ઘેરાયેલાં ફરીએ છીએ કે આપણા ઊભરતા વિચારોને ડાયરીમાં લખીને હળવાં થઈ જઈએ છીએ ?

શું આપણે એકદમ ગુસ્સે થઈ જઈએ ત્યાં સુધી લાગણીઓને દબાવી રાખીએ છીએ કે પછી કોઈ મિત્ર અથવા સાધુ-સંતો અથવા હરિભક્તોની સહાયતા માંગીએ છીએ ?

શું આપણે ટી.વી. કે ફોનમાં ખોવાઈ જઈએ છીએ કે પછી કોઈની સાથે વાત કરી લેવાનો પ્રયત્ન કરીએ છીએ ?

મનને શાંત રાખવા અને આપણી ભાવનાઓની સ્વીકૃતિ કરવા કોઈક સકારાત્મક પ્રવૃત્તિમાં જોડાવવું અનિવાર્ય હોય છે. જેમ કે, કસરત કરવી, કુદરતી સૌંદર્યમાં સમય વિતાવવો, લખવું, ધ્યાન કરવું, કોઈ કળા શીખવી, કોઇ સ્વજનની સહાય માંગવી વગેરે. આ સર્વે આપણી લાગણીઓને અભિવ્યક્ત કરવાના ખૂબ લાભદાયક પ્રયત્નો છે. બાળકોને એમની લાગણીઓ સાથે મિત્રતા કેળવતાં શિખવાડતાં પહેલાં આપણે આપણી લાગણીઓ સાથે મિત્રતા કેળવવી પડે. આપણને આપણો સત્સંગનો પરિવાર તો એના માટે એક અદ્ભુત ભેટ છે. આપણા ગુરુ અને ભગવાનને પ્રાર્થના કરીએ કે આપણે પરિસ્થિતિનો પૂર્ણ સ્વીકાર કરી શકીએ એના માટે આપણને બળ આપે અને આપણે એમને ગમે એવું જીવન જીવી શકીએ. ક્યારેય કોઈ સહાયની જરૂરિયાત લાગે તો આપણો સત્સંગ હંમેશાં આપણને એ હૂંફ આપવા તૈયાર છે. એ જ તો શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજી મહારાજની આપણા ઉપર અસીમ કૃપા છે ! ◆

---

(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-ઑક્ટોબર, ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ ઑક્ટોબર, બુધવાર...** ઇંગ્લૅન્ડ સ્થિત ડેન્હમ મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. રાત્રિસભામાં પધારી સંતો-ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨ ઑક્ટોબર, ગુરુવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. હેરોમાં ક્રિષ્ના-અવંતિ સ્કૂલની વિઝિટ કરી. ત્યાં સંજયભાઈ-શ્રુતિબહેને સત્કાર્યા. સ્કૂલ-મંદિરમાં દર્શન કર્યાં. દશાબ્દી મહોત્સવનો મૉમેન્ટો આપી, તેઓનાં સન્માન કરી આશીર્વાદ આપ્યા. બપોર પછી 'ૐ ક્રિમેટોરિયમ'ની સાઇટ પર મંત્રપોથી પધરાવી મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી ધૂન કરી. સાંજે પ્રીતિબહેન કોટેચાની પ્રૅક્ટિસ પર પધારી ધૂન-પ્રાર્થના કરી. ડૉ. અવનીબહેને આંખોનું ચેક-અપ કર્યું.

**૩ ઑક્ટોબર, શુક્રવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. રાત્રિસભામાં કૈલાસ માનસરોવરની યાત્રા કરી પરત પધારેલા લલિતભાઈ સોઢા અને યાત્રાળુઓનાં સ્વાગત-સન્માન કરી આશીર્વાદ આપ્યા. ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં.

**૪ ઑક્ટોબર, શનિવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. નિમિષાબહેન-જયંતભાઈ કોટેચાની દીકરી ચિ.શિવાની-ચિ.માધવેશનાં લગ્નમાં સૌ સંતો સાથે પધારીને નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા. સાંજે શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર-માણાવદરમાં શરદપૂર્ણિમા પ્રસંગે યોજેલ સાંસ્કૃતિક કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળી પધારેલા સૌ સંતો-ભક્તોને ફોન દ્વારા આશીર્વાદ પાઠવ્યા.

**૫ ઑક્ટોબર, રવિવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. વિજયભાઈ ઠક્કરના જન્મદિવસની સભામાં પધારી તેઓનાં જીવન-માહાત્મ્યની વાતો કરીને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ હિંમતભાઈ નકારજા (બાપુ)ના ઘરે પધારી ધૂન-પ્રાર્થના કરી સત્સંગનો લાભ આપ્યો.

**૬ ઑક્ટોબર, સોમવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. શરદપૂર્ણિમા અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના ૨૪૨મા પ્રાગટ્યદિનની સભામાં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૭ ઑક્ટોબર, મંગળવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. મીનુબહેન-યોગેન્દ્રભાઈના ઘરે યોજેલ મહાપૂજામાં સૌ સંતો સાથે પધારી પરિવારજનોને આશીર્વાદ આપ્યા. ત્યાંથી કાર્લિન હિતેશભાઈ ભરખડાના ઘરે પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે કીર્તનસંધ્યામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ આપ્યા.

**૮ ઑક્ટોબર, બુધવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. શિલ્પાબહેન-જવાહરભાઈ ચતવાણીના ઘરે પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. રેખાબહેન-પ્રકાશભાઈના ઘરે પધરામણી કરી ત્યારે પરિવારજનોના સ્વાગતભાવ ઝીલી, ઘરમંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-આરતી-ધૂન-પ્રાર્થના કર્યાં. સાથે પધારેલા સૌ સંતો-ભક્તો અને પરિવારજનો સાથે ગોષ્ઠિ કરી સૌને બ્રહ્માનંદ કરાવ્યો.

**૯ ઑક્ટોબર, ગુરુવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. વાસંતીબહેનના ઘરે પધરામણી કરી ધૂન-પ્રાર્થના કરી, પરિવારજનોને આશીર્વાદ આપ્યા. કૉલેજના મિત્ર બાલુભાઈના ઘરે પધરામણી કરી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-ભજન-પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા. સાંજે સૌ સંતો-ભક્તો સાથે શ્રી જલારામ મંદિરમાં પધારી મૂર્તિઓનાં દર્શન કરી, આરતી અર્પણ કરીને સભામાં આશીર્વાદ પાઠવ્યા. જલારામ મંદિરના ટ્રસ્ટીશ્રીઓ સાથે ગોષ્ઠિ કરી સત્સંગલાભ આપ્યો.

**૧૦ ઑક્ટોબર, શુક્રવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ઈકનહામ મંડળની સભામાં પધારી

આશીર્વાદ પાઠવ્યા. હરીશભાઈ મુનિના ઘરે પધરામણી કરી પ્રાર્થના કરી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૧ ઑક્ટોબર, શનિવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. યૂથ સભામાં પધારી સૌ યુવક-યુવતીઓ સાથે પ્રશ્નોત્તરી કરી રૂડી સમજણ સાથે આશીર્વાદ આપ્યા. પ્રીતિબહેન કોટેચાના નૂતન આવાસની વાસ્તુ મહાપૂજામાં સૌ સંતો-ભક્તો સાથે પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ ઑક્ટોબર, રવિવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. મંદિરજી દશાબ્દી મહોત્સવમાં સેવા કરનાર સર્વે યુવા કાર્યકર્તાઓની સભામાં પધારી સૌ ઉપર અત્યંત રાજીપો વરસાવી આશીર્વાદ પાઠવ્યા. સૌ કાર્યકર્તાઓને સ્મૃતિભેટ સ્વરૂપે શ્રી ઠાકોરજીની મૂર્તિ અને દર્શનાબહેન-વિજયકુમારના સહયોગથી સૌને જૅકેટ અર્પણ કર્યાં. સાંજે શનાબહેન તથા ધનેશ્વરીબહેન-અસીદભાઈના ઘરે પધરામણી કરી તેઓનાં સુખદ જીવન માટે પ્રાર્થના કરી પરિવારજનોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૩ ઑક્ટોબર, સોમવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. યુ.એસ.એ.થી પધારેલ ડૉ. સ્મિતાબહેન બખાઈને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે ઈસ્ટ લંડનમાં વર્ષાબહેન-સંજયભાઈના ઘરે યોજેલ સભામાં પધારી સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૧૪ ઑક્ટોબર, મંગળવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. મંદિરજીમાં વૈષ્ણવ આચાર્ય પરમ પૂજ્ય દ્વારકેશલાલજી મહારાજને સત્કાર્યા. સભામાં તેઓનાં સન્માન કર્યાં અને તેઓના આશીર્વાદનાં શ્રવણ કર્યાં. 'ૐ ક્રિમેટોરિયમ' સાઈટ પર પધારી પુષ્પાંજલિ અર્પણ કરી આશીર્વાદ આપ્યા. ત્યારબાદ ચિન્મય મિશનનાં દર્શને પધારી પરમ પૂજ્ય સ્વરૂપાનંદ સ્વામીજીને મંદિરજી દશાબ્દી મહોત્સવની શાલ, મૉમેન્ટો અર્પણ કર્યાં તથા સત્સંગ-ગોષ્ઠિનો આનંદ માણ્યો. મંદિરજીમાં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૧૫ ઑક્ટોબર, બુધવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. હૅરો ઉપનગરમાં આયોજિત પરમ પૂજ્ય દ્વારકેશલાલજી મહારાજ દ્વારા કથિત શ્રીમદ્ ભાગવત કથા પારાયણમાં પધારી શ્રવણલાભ લીધો અને ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં પધારી આરતી-ધૂન-પ્રાર્થના કર્યાં.

**૧૬ ઑક્ટોબર, ગુરુવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં.

**૧૭ ઑક્ટોબર, શુક્રવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. દિવાળી પર્વ નિમિત્તે સાંજે મંદિરજીમાં યોજેલ શ્રી લક્ષ્મીપૂજા અને શ્રી શારદાપૂજામાં પધારી સૌને આશીર્વાદ આપ્યા. આદરણીય શ્રીમાન પ્રૉફેસર જગદીશભાઈ દવેને 'શાલીન માનવરત્ન' ઍવૉર્ડથી સન્માનિત કર્યા.

**૧૮ ઑક્ટોબર, શનિવાર...** દિવાળી પર્વ નિમિત્તે મંદિરજીમાં ભવ્ય સુશોભિત અન્નકૂટમાં આરતી અર્પણ કરી પધારેલા સૌ ભક્તો અને આમંત્રિત મહેમાનોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. અન્નકૂટોત્સવ દરમિયાન શ્રેષ્ઠી શ્રી લૉર્ડ ડોલર પોપટ, શ્રી પ્રદીપભાઈ ધામેચા, શ્રી બૅરી ગાર્ડિનર-સંસદ સભ્યશ્રી, શ્રી નીતિનભાઈ પલાન આદિ મહેમાનો સાથે આરતી અર્પણ કરી. રાત્રે યુ.કે.ના સ્થાનિક ભક્તોને ગોષ્ઠિનો આનંદ કરાવ્યો.

**૧૯ ઑક્ટોબર, રવિવાર...** સવારે નિત્યપૂજા દરમિયાન સંતો સાથે ગોષ્ઠિ કરી. ત્યારબાદ વિદાય-મિલન સભામાં સૌ સંતો-ભક્તોએ પૂજન તથા પુષ્પગુચ્છ અર્પણ કરીને વિદાયની શુભેચ્છાઓ આપી. અઢી મહિનાની લાંબી ધર્મયાત્રા દરમિયાન સૌની સેવા-ભક્તિનાં દર્શન કરી, સંતોષ વ્યક્ત કરી, આશીર્વાદ આપ્યા. મંદિરજીમાંથી વિદાય લઈ હીથ્રો ઍરપૉર્ટ પર પધાર્યા. ઍરપૉર્ટ ઉપર વિદાય આપવા માટે પધારેલ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૨૦ ઑક્ટોબર, સોમવાર...** યુ.કે.થી અબુધાબી થઈને અમદાવાદ ઍરપૉર્ટ પધાર્યા. વહેલી સવારે અમદાવાદ ઍરપૉર્ટ ઉપર સંતો-ભક્તોએ સ્વાગત કર્યાં. ઍરપૉર્ટ પર હૉલમાં પધારેલા સંતો-ભક્તોને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું. ત્યાંથી બ્રહ્મજ્યોતિમાં 'યોગી વિદ્યાપીઠ'ના શિક્ષકગણે સ્વાગત કર્યાં. સદ્ગુરુ સંતોને રૂબરૂ મળી, સુશોભિત રથમાં બિરાજી, સ્વાગતયાત્રા દરમિયાન સૌ સંતો-ભક્તોને દર્શનનું સુખ આપી, મંદિરજી પરિસરમાં પધાર્યા, જ્યાં મહિલા મંડળ-યુવતી મંડળનાં સ્વાગતનૃત્ય નિહાળી મંદિરજીમાં પધાર્યા. સાધુ પૂ. સુરેશદાસજી અને પૂજારીશ્રીઓએ સ્વાગત કર્યાં. 'અક્ષરમહોલ'માં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સ્વાગતસભામાં સંતો-ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં. સાંજે શ્રી

શારદાપૂજનની મહાપૂજા તથા સ્વાગતસભામાં પધારી સૌને આશીર્વાદ આપ્યા.

**૨૧ ઑક્ટોબર, મંગળવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન કરી, ધૂન-પ્રાર્થના કર્યાં. દિવાળી પર્વ નિમિત્તે પધારેલા સૌ ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં. સાંજે વર્ણીકુંજમાં સદ્ગુરુ સંતમહિમા વંદના કાર્યક્રમમાં સત્સંગ સમાગમનો લાભ આપી અનુપમ મિશનના સદ્ગુરુ સંતો અને તેઓના ગૌરવશાળી વારસાની ઐતિહાસિક વાતો કરી.

**૨૨ ઑક્ટોબર, બુધવાર...** નૂતનવર્ષ નિમિત્તે 'વર્ણીકુંજ'માં મંગલમિલન સભામાં પધારી સૌ સંતો-ભક્તોને નૂતનવર્ષે દર્શન-આશીર્વાદ પાઠવ્યાં. ત્યારબાદ 'અક્ષરમહોલ'માં અને નિજ મંદિરજીમાં ધરાવેલ અદ્ભુત અન્નકૂટનાં દર્શન કર્યાં. અનુપમ સૂરવૃંદે સુંદર થાળનાં ગાન કર્યાં, તેનાં શ્રવણ કરી આનંદ માણ્યો. જે જે સંતો-ભક્તોએ અન્નકૂટોત્સવમાં સેવા-ભક્તિ અર્પણ કરી તે સૌને આશીર્વાદ આપ્યા. 'યોગીપ્રસાદ'માં ભક્તોને દર્શન-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૩ ઑક્ટોબર, ગુરુવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'વર્ણીકુંજ'માં ભાઈબીજ પર્વ નિમિત્તે 'પારિવારિક સંવાદિતા પર્વ'ની સભામાં પધારી સૌને આશીર્વાદ આપ્યા. સાંજે બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌને આશીર્વાદ આપ્યા.

**૨૪ ઑક્ટોબર, શુક્રવાર...** બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજી મહારાજ તથા ગુણાતીત જ્યોતનાં મહંત પ.પૂ. હંસાદીદીના પ્રાગટ્યોત્સવનું આમંત્રણ આપવા માટે પધારેલ 'ગુણાતીત જ્યોત'નાં સંત બહેનો અને 'ગુણાતીત પ્રકાશ'ના ભાઈઓને ગોષ્ઠિનો આનંદ કરાવ્યો. દર્શનાર્થે પધારેલ ચારુતર વિદ્યામંડળના ચૅરમૅન શ્રી ભીખુભાઈ અને સંકેત સૅલ્સના માલિક શ્રી ડી. સી. પટેલને નૂતનવર્ષ નિમિત્તે અભિવાદન કરી, ગોષ્ઠિ કરી આશીર્વાદ આપ્યા.

**૨૫ ઑક્ટોબર, શનિવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ત્યારબાદ 'અક્ષરમહોલ'માં યોજેલ સભામાં કીર્તન-ભક્તિનો આનંદ માણી ઉપસ્થિત સૌને આશીર્વાદ આપ્યા.

**૨૬ ઑક્ટોબર, રવિવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. લાભપાંચમ શુભ પર્વ નિમિત્તે સંતોના કર્મયોગ સ્થાને-'અનુપમ ઍડ્હેઝિવ્સ' ફૅક્ટરીમાં યોજેલ મહાપૂજામાં પધારી સૌ સંતોને આશીર્વાદ આપ્યા. યુ.કે. નિવાસી યોગેન્દ્રભાઈના 'નિજાનંદ રિસૉર્ટ'માં યોજેલ મહાપૂજામાં પધારી સૌ સંતો-ભક્તો અને સ્ટાફને નૂતનવર્ષના આશીર્વાદ આપ્યા. યોગી વિદ્યાપીઠના હૉલમાં ઍલનટાઉન મંદિરના આર્કિટેક્ટ અ.નિ. કાન્તિભાઈ ખંભાઈતા (યુ.એસ.એ.)ની અંતિમવિધિમાં પધારી પરિવારજનોને બળ આપ્યાં. 'અક્ષર મહોલ'માં રાત્રિસભામાં પધારી અમેરિકા પરત પધારતાં સાનફ્રાન્સિસ્કો નિવાસી શિલ્પાબહેનને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં.

**૨૭ ઑક્ટોબર, સોમવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. રાત્રે 'અક્ષર મહોલ'માં અ.નિ. કાન્તિભાઈ ખંભાઈતાની પ્રાર્થનાસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ ઑક્ટોબર, મંગળવાર...** સવારે સંતનિવાસ 'પરિમલ'માં સંતો સાથે અલ્પાહાર કરી ગોષ્ઠિનો આનંદ કરાવ્યો. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સૌને દર્શન-આશીર્વાદ આપ્યાં.

**૨૯ ઑક્ટોબર, બુધવાર...** મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. રાત્રિસભામાં પધારી સૌને દર્શન-આશીર્વાદ આપ્યાં.

**૩૦ ઑક્ટોબર, ગુરુવાર...** સાંજે નિજ મંદિરજીમાં યુ.કે.થી દર્શનાર્થે પધારેલ શ્રી લૉર્ડ ડૉલર પોપટ અને તેઓના ભાઈ કંટેશભાઈને સત્કારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ત્યારબાદ 'અક્ષરમહોલ'માં યોજેલ તેઓની સ્વાગતસભામાં સંતોએ પૂજન કર્યાં, ખેસ-હાર અર્પણ કરી સ્વાગતના ભાવ અર્પણ કર્યા. અંતે સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૩૧ ઑક્ટોબર, શુક્રવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કર્યાં. ફ્લૉરિડા-યુ.એસ.એ.થી પધારેલ ગિરીશભાઈને સત્કારી આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં આણંદ જિલ્લાના નવનિયુક્ત મામલતદાર શ્રી વિજયભાઈ ગોહિલ સપરિવાર દર્શનાર્થે પધાર્યા, તેઓને ગોષ્ઠિનો લાભ આપી આશીર્વાદ પાઠવ્યા.

# દેશ-વિદેશમાં દીપોત્સવીનો મંગલ આનંદ

**ઉપાસના ધામ, વેમાર :** મંદિરે ૧૮ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ શ્રી ઠાકોરજી અને સંતોનાં દિવ્ય સાંનિધ્યમાં શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજનવિધિ ઉમેશભાઈ, સમીરભાઈ, રોહનભાઈએ ખૂબ ભક્તિભાવથી કરાવી. આ પ્રસંગે રેખાબહેન બ્રિજવાની (લીલા આશ્રમ બરકાલ)એ સ્વાસ્થ્ય અંગે સુંદર માર્ગદર્શન આપ્યું. સાધુ પૂ. સતીશદાસજીએ પ્રાસંગિક મહિમાગાન કરી આશીર્વાદ આપ્યા.

૨૪ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ વેમાર મંદિરે વડોદરા, વેમાર, અંકલેશ્વર આદિ મંડળના તેમજ કાનમ પ્રદેશના મુક્તોએ ભેગા મળીને ભવ્ય અન્નકૂટ ઉત્સવ ઊજવ્યો. આ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતો તેમજ દેશ-વિદેશના માનવંતા અક્ષરમુકતોની દિવ્ય ઉપસ્થિતિ સૌ માટે આનંદનું કારણ બની રહી. અનુપમ સૂરવૃંદના સેવકોએ ખૂબ ભાવવાહી રીતે થાળનાં ગાન કર્યાં અને સૌએ ભાવથી પ્રભુને થાળ જમાડ્યા. ત્યારબાદ યોજાયેલ સભામાં ચંદ્રકાંતભાઈએ સ્વાગત પ્રવચન અને અંકલેશ્વરના જિજ્ઞેશભાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. વડીલ સાધુ પૂ. ઘનશ્યામદાસજી બિરલા અને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આશીર્વાદમાં આગામી વર્ષે મંદિરજી દશાબ્દી મહોત્સવને ભાવથી ઊજવી લેવા માર્ગદર્શન પ્રદાન કર્યાં. ◆

**ઉપાસના ધામ, સુરત :** મંદિરે સંતોનાં સાંનિધ્યમાં દિવાળી પર્વોની ભક્તિભાવે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે પ્રાદેશિક સંતો સાધુ પૂ. રમેશદાસજી, પૂ. મૂકેશદાસજી અને પૂ. તુષારદાસજી પધાર્યા. ૧૮ ઑક્ટોબર ૨૦૨૫, શનિવારે સાંજે દીપોત્સવી પર્વના આરંભ સાધુ પૂ. રમેશદાસજી તથા સુરતના પૂજારી વડીલ સાધુ પૂ. કાનજીદાસજીના હસ્તે દીપપ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યા. ત્યારબાદ સાધુ પૂ. મૂકેશદાસજી, પૂ. તુષારદાસજી અને રોહિતભાઈએ ખૂબ ભાવથી પૂજાવિધિ કરાવી. મુખ્ય યજમાનપદે કર્તવ્યભાઈ, સ્નેહભાઈ અને હર્ષભાઈ સાથે દક્ષિણ ગુજરાત પ્રદેશના ૨૫ યુવાનોએ આ વિધિમાં ભાગ લીધો. યુવતીઓ દ્વારા બનાવાયેલ ચલણી નોટોના કલાત્મક હાર શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીને અર્પણ કરવામાં આવ્યા. પૂજાવિધિ બાદ સાધુ પૂ. કાનજીદાસજી અને સાધુ પૂ. રમેશદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી રૂડા આશીર્વાદ આપ્યા. વળી, આવા જ ઉમંગ સાથે સંતોની નિશ્રામાં ૯ નવેમ્બરના રોજ સૌએ ભેગા મળી ભવ્ય અન્નકૂટ ઉત્સવ ઉજવ્યો. ◆

**ઉપાસના ધામ, અમદાવાદ :** મંદિરે ૧૮ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ સંતોનાં સાંનિધ્યે શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજન વિધિ કરવામાં આવી. સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. પ્રિયકાન્તદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. મણિલાલદાસજી, પૂ. ચંદ્રેશદાસજીની પાવન ઉપસ્થિતિમાં યજમાન ભક્તોએ ખૂબ શ્રદ્ધાપૂર્વક પૂજનવિધિ કરી ધન્યતા અનુભવી. ચેતનભાઈ-કલ્પેશભાઈ વ્યાસ અને સૂરવૃંદના સેવકોએ પૂજાવિધિ કરાવી. સંતોના આશીર્વાદ પામી સૌ કૃતાર્થ થયાં.

૫ નવેમ્બર ૨૦૨૫, દેવદિવાળીના પવિત્ર દિવસે સંતભગવંત સાહેબજી અને સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં અમદાવાદ મંડળના ભક્તો દ્વારા અન્નકૂટ ઉત્સવ અને શાકોત્સવની અદ્‌ભુત ઉજવણી કરવામાં આવી. દીકરીઓએ સ્વાગતનૃત્ય સાથે સંતભગવંત સાહેબજી અને સંતોને આવકાર્યા. બહેનોએ તૈયાર કરેલ વિવિધ વ્યંજનોની સૌએ ભેગાં મળીને કરેલી શ્રી ઠાકોરજી સમક્ષ કલાત્મક ગોઠવણીનાં દર્શન કરી સંતભગવંત



ઉપાસના ધામ, વેમાર મંદિરે અન્નકૂટ આરતી અર્પણ



ઉપાસના ધામ, સુરત મંદિરે સંતોનાં સાંનિધ્યે શ્રી લક્ષ્મી-શ્રી શારદાપૂજન





ઉપાસના ધામ, અમદાવાદ મંદિરમાં શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજનવિધિ રત સંતો... સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે ભવ્ય અન્નકૂટોત્સવ

સાહેબજીએ પ્રસન્નતા વરસાવી. સૂરવૃંદના સેવકોએ ભક્તિભાવે થાળનાં ગાન કરી પ્રભુને નૈવેદ્ય જમાડ્યાં. સાધુ પૂ. પીટરદાસજી, પૂ. સતીશદાસજીએ પ્રાસંગિક મહિમાગાન કર્યું. સંતભગવંત સાહેબજીએ રૂડાં આશીર્દાન પ્રદાન કર્યાં. મોટી સંખ્યામાં પધારેલ અક્ષરમુક્તોએ સંતભગવંત સાહેબજીનાં સમાગમ અને આશીર્વાદની ધન્યતા માણી. ◆

**માણાવદર :** શ્રી અક્ષરદેરી સમાન માણાવદર ખાતે દિવાળીના ઉત્સવ ખૂબ ધામધૂમથી ઊજવવામાં આવ્યા. ધનતેરસના દિવસે સાંજે શ્રી લક્ષ્મીપૂજનવિધિમાં મોટી સંખ્યામાં યુવાનો-ભક્તોએ લાભ લીધો અને સંતોના આશીર્વાદ પ્રાપ્ત થયા. અક્ષરચૌદશની રાત્રે યુવતીઓ દ્વારા તૈયાર થયેલી રંગોળી દર્શનાર્થે ખુલ્લી મૂકવામાં આવી અને યુવાનોએ ભેગા મળીને મંદિરને લાઈટિંગથી સુશોભિત કર્યું. દિવાળીના દિવસે સાંજે શ્રી સરસ્વતીપૂજન કરવામાં આવ્યું. ભક્તોએ પોતાના વ્યવસાયના હિસાબી ચોપડાઓને શ્રી ઠાકોરજી સમક્ષ પધરાવ્યા, જેના શાસ્ત્રોક્તવિધિથી સંતો દ્વારા પૂજન કરવામાં આવ્યાં. સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ ધન્ય થયાં.

નવા વર્ષની વહેલી સવારે શ્રી ઠાકોરજી સુંદર હીરાજડિત હારથી શોભાયમાન થઈને દિવ્ય દર્શન આપતા હતા. વહેલી સવારે ધૂન, પ્રભાતિયાં અને આરતી દ્વારા વાતાવરણ ભક્તિમય બન્યું. સૌ સંતો-ભક્તોએ એકબીજાને મળી નૂતનવર્ષની શુભેચ્છાઓ પાઠવી. ત્યારબાદ શ્રી ઠાકોરજી સમક્ષ વિવિધ પ્રકારની વાનગીઓ ધરાવવામાં આવી અને વિવિધ થાળ ગવાયા. ત્યારબાદ અન્નકૂટની આરતી અર્પણ કરવામાં આવી. અંતે સૌને સંતોના આશીર્વાદ પ્રાપ્ત થયા. ◆

**ઉપાસના ધામ, ખારઘર :** મંદિરમાં સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા તથા સંતોનાં પાવન સાંનિધ્યે દેવદિવાળીના મંગલકારી દિને અદ્‌ભુત અન્નકૂટ ઉત્સવ ભક્તિભાવથી ઉજવાયો. પૂ. અશ્વિનદાદા તથા સંતોનું ખારઘર મંદિરે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગતસભામાં સાધુ પૂ. દિનેશદાસજીએ સૌને આવકાર્યા અને અંતરનો આનંદ વ્યક્ત કર્યો. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ અશ્વિનદાદાએ આશીર્વાદ અર્પ્યા. ૪ નવેમ્બર ૨૦૨૫ની





અક્ષરદેરી સમાન માણાવદર મંદિરમાં સંતોનાં સાંનિધ્યે શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન... શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ



ખારઘર મંદિરે પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યમાં અન્નકૂટોત્સવની ભક્તિભાવે ઉજવણી




ઉપાસના ધામ, શિણાયમાં શ્રી ઠાકોરજીના સાંનિધ્યમાં અન્નકૂટોત્સવ

સાંજે ચિરાગભાઈ પટેલ-અનિતાબહેન પટેલ તથા તેમની ટીમ દ્વારા અદ્‌ભુત કીર્તનભક્તિ પ્રસ્તુત થઈ. સૌ કોઈ શ્રવણભક્તિમાં લીન થયાં અને રાસ રમી આનંદ-ઉમંગ વ્યક્ત કર્યો. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા પણ ખૂબ રાજી થયા અને આવી રીતે બ્રહ્માનંદ કરતા કરતા પ્રભુ અને ગુરુને મધ્યમાં રાખી જીવન જીવવાના આશીર્વાદ પ્રદાન કર્યા.

૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ અન્નકૂટ ઉત્સવ ઉજવાયો. સાધુ પૂ. દિનેશદાસજી, પૂ. હરિકૃષ્ણદાસજી, પૂ. યજ્ઞેશદાસજી અને સંતોનાં માર્ગદર્શને આગલી રાતથી સૌ સેવકો-સંતો સાથે મળી ઉત્સવની તૈયારીમાં લાગ્યા. બહેનો દ્વારા અનેક પ્રકારની વાનગીઓ તૈયાર કરવામાં આવી જેને સંતોનાં માર્ગદર્શને યુવાઓ દ્વારા ખૂબ જ સુંદર રીતે શ્રી ઠાકોરજી સમક્ષ શણગારવામાં આવી. ઉત્સવમાં પવઈ મંદિરથી પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ અને ભક્તો પધાર્યા. આ પ્રસંગે જગતભાઈએ પ્રાસંગિક પ્રવચન કરી સર્વ સેવકોને તેઓની ભક્તિ બદલ અભિનંદન પાઠવ્યાં. પૂ. ભરતભાઈ અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ અત્યંત પ્રસન્નતા સાથે આશીર્વાદ પ્રદાન કર્યા. પૂ. અશ્વિનદાદા અને સંતોની દિવ્ય ઉપસ્થિતિ, અઠવાડિયાનાં તેઓનાં રોકાણ દરમિયાનના સમાગમ અને આનંદને માણી સૌએ ધન્યતા અનુભવી. ◆

**ઉપાસના ધામ, શિણાય :** મંદિરે અન્નકૂટ ઉત્સવની ભવ્ય ઉજવણી સંતોનાં સાંનિધ્યે ૫ નવેમ્બર ૨૦૨૫, દેવદિવાળીના શુભ દિને થઈ. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિ, મોગરીથી સાધુ પૂ. રમેશદાસજી-ઝા, પૂ. અશોકદાસજી-બાબુ, પૂ. કિરણદાસજી (યુ.કે.) અને માણાવદરથી સાધુ પૂ. હરેશદાસજી, પૂ. જિજ્ઞેશદાસજી પધાર્યા. શિણાય ઉપરાંત અંજાર, આદિપુર, ગાંધીધામથી સત્સંગી ભક્તો શ્રી ઠાકોરજી મહારાજને ધરાવવા ખૂબ ભાવથી પોતાના ઘરે જાતે વ્યંજનો બનાવી લઈ આવ્યા હતા. યુવાઓએ કલાત્મક રીતે આ વાનગીઓ શ્રી ઠાકોરજી સમક્ષ સુશોભિત કરી. સાધુ પૂ. અશોકદાસજીએ મધુર કંઠે પાંચ થાળ ગાઈને પ્રભુને જમવા આમંત્ર્યા ત્યારે જાણે શ્રી ઠાકોરજી મહારાજ થાળ ગ્રહણ કરતા હોય તેવો સૌને ભાવ થયો. સાધુ પૂ. કિરણદાસજીએ પણ પોતાના મધુર કંઠે ભજન ગાઈ સુંદર આશીર્વાદ આપ્યા. અંતે સાધુ પૂ. હરેશદાસજી, પૂ. અશોકદાસજી અને પૂ. રમેશદાસજીએ ખૂબ જ સરસ આશીર્વાદ પ્રદાન કર્યા. ત્યારબાદ સંતો-ભક્તો-ઉપસ્થિત સૌએ અન્નકૂટ આરતી અર્પણ કરી. ◆

**અંકલેશ્વર :** મંડળના ભક્તોએ ૨૬ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ અન્નકૂટ ઉત્સવનું આયોજન કર્યું. ઑપરેશન સિંદૂરની સફળતાના આધ્યાત્મિક મર્મને આ પ્રસંગે અન્નકૂટ ઉત્સવમાં પ્રતિબિંબિત કરાયો. પંચવિષય અને હઠ, માન તથા ઈર્ષ્યાના ભાવોથી ભક્તોની રક્ષા કરવા માટે ‘શ્રી સ્વામિનારાયણ’ મહામંત્રની ધૂન, અઠવાડિક સત્સંગસભા, સંતોનો સમાગમ, સત્શાસ્ત્રનાં વાંચન વગેરે રક્ષાકવચનો ઉપયોગ કરવાની પ્રેરણા



અંકલેશ્વર મંડળના ભક્તો દ્વારા સર્જનશીલ સુશોભન સાથે અન્નકૂટોત્સવ



ભીંગરાડ મંડળમાં શ્રી ઠાકોરજીના સાંનિધ્યમાં અન્નકૂટોત્સવ

મળે તેવા ભાવ સાથે સુંદર સુશોભન કરાયું. ભક્તોએ જાતે બનાવેલી વિવિધ વાનગીઓને યુવાનોએ કલાત્મક રીતે સજાવીને શ્રી ઠાકોરજી સમક્ષ ગોઠવી. નયનરમ્ય અન્નકૂટ સુશોભનનાં દર્શન પામી સૌ ધન્ય થયાં અને થાળનાં ભાવવાહી ગાન દ્વારા પ્રભુ અને ગુરુને પ્રેમથી જમાડ્યા. સાધુ પૂ. સતીશદાસજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

**ભીંગરાડ :** ૨૪ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, ભીંગરાડ ખાતે સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં અત્યંત ભક્તિભાવે અન્નકૂટ ઉત્સવની ઉજવણી કરવામાં આવી. સ્થાનિક ભક્તોએ ઘરે ભાવથી વિવિધ વાનગીઓ તૈયાર કરી અને પ્રભુને ધરાવી. ભક્તોએ લગભગ એકાદ કલાક વિવિધ પ્રકારના થાળનાં ગાન સાથે ભાવથી શ્રી ઠાકોરજીને જમાડ્યા. અમિષાબહેને પ્રાસંગિક મહિમાગાન કર્યાં. સાધુ પૂ. અશોકદાસજી-બાબુ, પૂ. પંકજદાસજી દ્વારા આશીર્વાદ અર્પણ કરાયા બાદ ઉપસ્થિત સૌ સંતો-ભક્તોએ અન્નકૂટ આરતી અર્પણ કરી ભક્તિ અદા કરી. ◆



દેહગામ મંડળમાં શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ

**ભાવનગર :** ૩૦ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ ભાવનગર મંડળના ભક્તો દ્વારા શ્રી ઠાકોરજી મહારાજને સૌ પ્રથમ વખત અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો. સૌએ ભેગાં મળી પ્રભુને અને ગુરુહરિને રાજી કરવાના ભાવથી સંતભગવંત સાહેબજીના આવી રહેલા ૮૭મા પ્રાગટ્યદિન નિમિત્તે કુલ ૮૭ વાનગીઓ શ્રી ઠાકોરજી મહારાજના ચરણે ધરીને થાળનાં ભાવવાહી ગાન કરી જમાડ્યા. ભેગાં મળીને કરેલી સેવાનો અને અનેક સ્મૃતિઓનો આનંદ લઈ સૌ વિસર્જિત થયાં. ◆

**દેહગામ :** મંડળમાં સાધુ પૂ. સતીશદાસજી, પૂ. કિરણદાસજી (યુ.કે.), પૂ. અશોકદાસજી, પૂ. નિખિલદાસજીની દિવ્ય ઉપસ્થિતિમાં તલોદ, રખિયાલ, શિવપુરા કંપા, ગાંધીનગર મંડળના ભક્તોએ અન્નકૂટ ઉત્સવની સુંદર ઉજવણી કરી. સ્થાનિક યુવાઓ તથા સાધુ પૂ. અશોકદાસજીએ થાળની સુંદર રમઝટ બોલાવી ભક્તોનાં હૃદય ડોલાવી દીધાં. સભાનું સંચાલન દીર્ઘે કર્યું. સાધુ પૂ. અશોકદાસજી, પૂ. કિરણદાસજી, પૂ. સતીશદાસજીએ પ્રાસંગિક આશીર્વાદ પાઠવી સૌને કૃતાર્થ કર્યાં. અંતે, અન્નકૂટની આરતી અર્પણ થઈ. સૌએ ભેગાં મળી ભક્તિભાવે સમગ્ર ઉત્સવનો આનંદ માણ્યો. ◆

**સાઠંબા :** ૩૧ ઑક્ટોબર ૨૦૨૫, શુક્રવારના શુભ દિને શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર-સાઠંબામાં બિરાજમાન શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત સ્વરૂપોને અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે પ્રાદેશિક સંતો સાધુ પૂ. અશોકદાસજી, પૂ. સતીશદાસજી, પૂ. નિખિલદાસજી અને પૂ. કિરણદાસજી (યુ.કે.)નું સાંનિધ્ય પ્રાપ્ત થયું. પ્રારંભે આશુતોષભાઈ દ્વારા સ્વાગત અને મહિમાગાન કરવામાં આવ્યાં. સૂરવૃંદના ભાઈઓ અને



સાઠંબામાં સંતોનાં સાંનિધ્યે અન્નકૂટ ઉત્સવની ઉજવણી

સાધુ પૂ. અશોકદાસજીના શ્રીમુખે થાળ ગવાયા અને જાણે સાક્ષાત્ શ્રી ઠાકોરજી મહારાજ પધાર્યા હોય અને અન્નકૂટ આરોગી રહ્યા હોય તેવાં સૌ ભક્તોને ભાવ-દર્શન થયાં. પૂ. કિરણદાસજીએ પણ સુંદર ભજન ગાયું. પ્રકાશભાઈએ પ્રાસંગિક પ્રવચન કર્યું. પૂ. અશોકદાસજી અને પૂ. સતીશદાસજીએ આશીર્વાદ આપ્યા. ત્યારબાદ સભામાં પધારેલા ગામના યુવાસરપંચશ્રી ધ્રુવભાઈએ રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે એકતાના શપથ લેવડાવ્યા. અંતે સંતો દ્વારા અન્નકૂટ આરતી અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે સાઠંબા તથા આજુબાજુનાં ગામોના મોટી સંખ્યામાં ભક્તોએ અન્નકૂટ ઉત્સવ તથા સંતોનાં દર્શન-આશીર્વાદનો લાભ લીધો. સભાસંચાલન આશુતોષભાઈએ કર્યું. ◆

**ડેન્હમ, ઈંગ્લૅન્ડ :** સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યમાં દીપાવલીના મંગલ પર્વો ખૂબ ઉત્સાહ અને દિવ્યતાસભર વાતાવરણમાં ૧૭-૧૮ ઑક્ટોબર ૨૦૨૫ દરમિયાન ઉજવાયા. ૧૭ ઑક્ટોબરના રોજ શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજનની પવિત્ર વિધિ સાધુ પૂ. હિંમત સ્વામીજી ને પૂ. અશોકદાસજી દ્વારા ભાવથી કરાવવામાં આવી. ત્યારબાદ સભામાં સતીશભાઈ ચતવાણી, ડૉ. નંદકુમાર (કાર્યકારી નિયામકશ્રી-ભારતીય વિદ્યાભવન, લંડન), મનુભાઈ રામજી (કિંગ્સ કિચન), કાંતિભાઈ નાગડા, વજુભાઈ પાનખનિયા, સી. બી. પટેલ, કવયિત્રી ભારતીબહેન વોરા આદિ મહાનુભાવોનું સાંનિધ્ય પ્રાપ્ત થયું.

### 'શાલીન માનવરત્ન' સન્માન

ગુજરાતી ભાષા અને સાહિત્યમાં અનોખું પ્રદાન કરનાર, ૭૫ વર્ષથી માતૃભાષા ગુજરાતીની જ્યોત તેજસ્વી રાખી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના આજીવન સાધક, યુવાઓના પ્રેરણામૂર્તિ, વિનયસંપન્ન વિદ્વતાથી વૈશ્વિક કીર્તિવંત પરમ સન્માનનીય શ્રીમાન પ્રૉફેસર ડૉ. જગદીશ દવેને 'શાલીન માનવરત્ન' સન્માનથી અલંકૃત કરવામાં આવ્યા. સતીશભાઈ ચતવાણીએ ડૉ. જગદીશભાઈને અભિનંદન પાઠવ્યાં તથા સૌ ભક્તોને આવકાર્યા. 'ૐ ક્રિમેટોરિયમ'ના બાંધકામની માહિતી આપી સર્વને આ મહાયજ્ઞની સેવામાં જોડાઈ સહભાગી થવા અપીલ કરી. સી. બી. પટેલે ડૉ. જગદીશભાઈનો પરિચય આપી તેઓનાં બૃહદ કાર્યો માટે બિરદાવ્યા. ત્યારબાદ સંતભગવંત સાહેબજી, સંતો અને મહાનુભાવો દ્વારા ડૉ. જગદીશભાઈને 'શાલીન માનવરત્ન' સન્માન, શાલ, ખેસ, માળા, મોમેન્ટો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. ડૉ. જગદીશભાઈ દવેએ પોતાનો પ્રતિભાવ આપતાં આનંદ વ્યક્ત કરી પ્રેરણાદાયી અને મનનીય પ્રવચન કર્યું. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કરી અદ્ભુત સત્સંગલાભ આપ્યો, જેનો આનંદ માણી સૌ વિસર્જિત થયાં.

૧૮ ઑક્ટોબરે અન્નકૂટોત્સવ અપ્રતિમ ભક્તિના ભાવ સાથે ઉજવાયો. સંપ, સુહૃદભાવ, એકતાના ધ્યેયમંત્ર સાથે સંતો-ભક્તોએ અનેકવિધ વ્યંજનો શ્રી ઠાકોરજી અને પ્રગટ ગુણાતીત સ્વરૂપોની સમક્ષ કલાત્મક રીતે ભાવથી ધરાવ્યાં. સતીશભાઈ ચતવાણી, લૉર્ડ ડૉલર પોપટ, શૌનક ઋષિદાસજી, બૅરી ગાર્ડિનરે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. આશીર્વાદ પાઠવતાં સંતભગવંત સાહેબજીએ આવી રહેલ વિક્રમ સંવત ૨૦૮૨નું વર્ષ સર્વ માટે સુખ-શાંતિભર્યું બની રહે અને સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થપાય તે માટે પ્રાર્થના કરી તથા સેવા કરનાર, દર્શને પધારનાર સૌ ભક્તોની ભક્તિને બિરદાવી. અન્નકૂટોત્સવના દિવ્ય પ્રસંગે ઈંગ્લૅન્ડના અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો, સંતો-ડૉ. નંદકુમાર, શૌનક ઋષિદાસજી, લૉર્ડ ડૉલર પોપટ, બૅરી ગાર્ડિનર (એમ.પી.), પ્રદીપભાઈ ધામેચા,



ડેન્હમ-ઈંગ્લૅન્ડ મંદિરમાં સાહેબજીની નિશ્રામાં શ્રી લક્ષ્મી-શ્રી શારદાપૂજન



શ્રીમાન પ્રૉ. ડૉ. જગદીશભાઈ દવેને 'શાલીન માનવરત્ન' સન્માન અર્પણ

ઈસ્કોન મંદિરના સંતો, ભાગવત ધામ-મોરબીના સંતો, જલારામ મંદિરના પ્રમુખશ્રી અને ટ્રસ્ટીશ્રીઓ, શ્રીમદ્ રાજચંદ્ર મિશનના પ્રમુખશ્રી અને ટ્રસ્ટીશ્રીઓ, વલ્લભનિધિ સનાતન મંદિરના પ્રમુખશ્રી અને સભ્યો, ભરતભાઈ સોઢા (લોહાણા કૉમ્યુનિટી-યુ.કે.ના પ્રમુખશ્રી), તૃપ્તિબહેન પટેલ (હિન્દુ ફોરમ-બ્રિટનનાં પ્રમુખશ્રી), અંજનાબહેન પટેલ (મૅયરશ્રી, હેરો), તુષારભાઈ મોરઝરિયા, કેતનભાઈ કોટેચા, શશીભાઈ વેકરિયા આદિએ પધારીને લાભ લીધો. સંતભગવંત સાહેબજીની પાવન નિશ્રામાં આ ઉત્સવ અભૂતપૂર્વ અને અવિસ્મરણીય બની રહ્યો. ◆

**ઍલનટાઉન, અમૅરિકા :** મંદિરે શ્રી ઠાકોરજી મહારાજની દિવ્ય નિશ્રામાં સાધુ પૂ. જયેશદાસજી, પૂ. અરવિંદદાસજી, પૂ. નરેન્દ્રદાસજી, પૂ. આશિષદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં દીપોત્સવી પર્વો ખૂબ ભક્તિભાવથી ઉજવાયા. ૧૮ ઑક્ટોબર ૨૦૨૫, શનિવારના રોજ ભક્તોએ ભેગા મળી શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીની મૂર્તિ સમક્ષ શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજન કરી ભક્તિભાવ ધર્યા. સાધુ પૂ. જયેશદાસજી અને મિહિરભાઈએ ખૂબ ભાવથી વિધિવત્ મંત્રોચ્ચાર સાથે પૂજાવિધિ કરાવી. જયંતભાઈએ સભાસંચાલન કર્યું. સાધુ પૂ. નરેન્દ્રદાસજીએ સૌને આશીર્વાદ પાઠવ્યા અને રાજાભાઈએ આભાર વ્યક્ત કર્યો. પવિત્ર વાતાવરણમાં સંપન્ન થયેલ આ પૂજાવિધિમાં સૌએ ધન્યતા અનુભવી.

૨૫ ઑક્ટોબર ૨૦૨૫, શનિવારે શ્રી ઠાકોરજી અને સર્વ ગુણાતીત સ્વરૂપોને સંતો-ભક્તોએ અત્યંત ભાવથી અન્નકૂટ અર્ઘ્ય ધર્યા. મંદિરજીમાં વિશિષ્ટ સુશોભન સાથે શ્રી ઠાકોરજી અતિ રમણીય મનમોહક દર્શન આપી રહ્યા હતા ! અન્નકૂટની કલાત્મક ગોઠવણી સાથે શ્રી નીલકંઠવર્ણી વનવિચરણનાં દર્શન તાદ્રશ્ય થતાં હતાં. 'યોગીપ્રસાદ'નાં બહેનોએ મંદિરમાં ભેગાં મળી જાતે જ વિવિધ પ્રકારની વાનગીઓ ભક્તિભાવથી તૈયાર કરી. સંતોનાં માર્ગદર્શન અનુસાર સૌ યુવાન-યુવતીઓએ સંપ, સુહૃદભાવ અને એકતાથી દિવસ-રાત સેવાઓ કરી તેનું અદ્‌ભુત પરિણામ સૌની સમક્ષ દૃષ્ટિગોચર થતું હતું. વિહીતાબહેન અને રાજવીબહેને સભાનું સંચાલન કર્યું. ત્યારબાદ સૌએ વિવિધ થાળનાં સુંદર ગાન કરી પ્રભુને ભાવથી જમાડ્યા. જ્યારે થાળનાં ગાન થતાં હતાં ત્યારે ભક્તોનાં હૈયે ઊભરાતા ભક્તિભાવનાં દર્શન ખૂબ અલૌકિક હતાં ! સાધુ પૂ. નરેન્દ્રદાસજીએ પ્રાસંગિક આશિષપ્રદાન કર્યાં તથા સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના વિડીયો આશીર્વાદનો સૌએ લાભ લીધો. ત્યારબાદ અન્નકૂટ આરતી અર્પણ કરી. રાજાભાઈએ સૌ ભક્તોનો આભાર માન્યો.

૧૯ ઑક્ટોબર ૨૦૨૫, રવિવારે ઍલનટાઉન મંદિરે બાળકો માટે ખાસ બાળ અન્નકૂટોત્સવનું આયોજન કરવામાં આવ્યું, જેમાં લગભગ ૪૦ જેટલાં નાનાં બાળકો પોતાની જાતે શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીને અર્પણ કરવા પ્રસાદ બનાવી લાવ્યાં. આ અન્નકૂટ ઉત્સવનો થીમ 'મિશન અક્ષરધામ, કોસ્મિક અન્નકૂટ' રાખવામાં આવ્યો હતો. મંદિરજીમાં બાળકોને ગમે તેવું સુંદર સુશોભન કરવામાં આવ્યું. બાળકોએ કાલીઘેલી ભાષામાં ભક્તિભાવપૂર્વક થાળનાં ગાન કર્યાં. આ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ બાળકોને વિડીયો-આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ યુવા કાર્યકરો દ્વારા તૈયાર કરાયેલ ભારતીય સંસ્કૃતિમાં દિવાળી તહેવારના મહિમા અંગેનું વિડીયો પ્રૅઝન્ટેશન નિહાળી સૌ બાળકોએ માર્ગદર્શન મેળવ્યાં. આ ઉપરાંત મહેંદી, ફેસ પેઇન્ટિંગ, દિયા પેઇન્ટિંગ, આરતી ડેકોરેશન અને રંગોળી આદિ સર્જનાત્મક બૂથમાં બાળકોએ ખૂબ રસપૂર્વક ભાગ લીધો અને નવી કળાઓ શીખી. નીલકંઠે જુદા જુદા પ્રકારની રમતો રમાડીને બાળકોને



ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરમાં શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન



ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે શ્રી હરિકૃષ્ણ મહારાજને બાળમંડળ દ્વારા અન્નકૂટ અર્પણ



ઉપાસના ધામ, પિયોરિયા મંદિરમાં ભક્તિભાવે અન્નકૂટ ઉત્સવની ઉજવણી



ઉપાસના ધામ, લૉસ ઍન્જલસ મંદિરમાં અન્નકૂટ અર્ઘ્ય અર્પણ

બ્રહ્માનંદ કરાવ્યો. આમ, આખો દિવસ બાળકો માટે આનંદ, ઉત્સાહ અને ભક્તિથી છલકાતો એક યાદગાર અનુભવ બની રહ્યો. ◆

**ઉપાસના ધામ, પિયોરિયા :** મંદિરે શ્રી ધનતેરસની શુભ સવારે શ્રી લક્ષ્મીપૂજન, શ્રી સરસ્વતીપૂજન અને અન્નકૂટોત્સવ એમ ત્રિવેણી પર્વની દિવ્ય ઉજવણી થઈ, જેમાં સંતભગવંત સાહેબજીના સંકલ્પે અનેક યુવા પરિવારો સહિત મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો. આ પ્રસંગે ડૉ. એન. સી. પટેલ સપરિવાર પધાર્યા. સાહેબદાદાના સંકલ્પ, પ્રાર્થના, આશીર્વાદથી જાણે મોગરી-બ્રહ્મજ્યોતિ પરિસરમાં જ પ્રસંગ ઉજવાઈ રહ્યો હોય તેવી દિવ્યતાનો અનુભવ સૌ ભક્તોને થયો. ◆

**લૉસ ઍન્જલસ, અમેરિકા :** મંદિરે ભક્તોએ ભેગા થઈને ૧૮ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન વિધિનો અદ્ભુત લાભ લીધો. યુવાનો-યુવતીઓએ સુંદર તૈયારીઓ કરી તથા સ્થાનિક યજમાન ભક્તોએ ભાવથી પૂજાવિધિ સંપન્ન કરી. દિવાળી પર્વ નિમિત્તે ફટાકડા ફોડીને તેમજ નૂતન વર્ષે મંદિરમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-આરતી અર્પણ કરીને સૌએ પરસ્પર શુભકામનાઓ પાઠવી.

૨૬ ઑક્ટોબર ૨૦૨૫, રવિવારના રોજ સૌ ભક્તોએ ભેગા મળી શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કર્યો. આ પ્રસંગે ઍલનટાઉન મંદિરેથી સાધુ પૂ. જયેશદાસજી તથા સાન ફ્રાન્સિસ્કોથી ભાવેશભાઈ અને ચેતનભાઈ પધાર્યા. સ્થાનિક ભક્તોએ અપાર ભાવથી વિવિધ વાનગીઓ તૈયાર કરી. યુવાનો-યુવતીઓએ ભેગાં મળીને શ્રી ઠાકોરજી સમક્ષ વિવિધ વ્યંજનોને ખૂબ સુંદર રીતે સુશોભિત કર્યાં. ધર્મેન્દ્રભાઈએ ભાવથી થાળનાં ગાન કર્યાં ત્યારે સૌ ભક્તોએ શ્રી પ્રભુને અન્નકૂટભાવ સ્વીકારવા પ્રાર્થના કરી. મનીષભાઈએ સભાસંચાલન કર્યું. ભાવિનભાઈ અને ભાવેશભાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. સાધુ પૂ. જયેશદાસજીએ સૌની ભક્તિને બિરદાવી સત્સંગલાભ અને આશીર્વાદ આપ્યા. સંતભગવંત સાહેબજી અને પૂ. મનોજદાસજીના ફોન દ્વારા રૂડા આશીર્વાદ પ્રાપ્ત થયા. પરસ્પર મળવાની અને વિશેષ તો આધ્યાત્મિક આનંદમાં તરબોળ થવાની ધન્યતા અનુભવી સૌ વિસર્જિત થયાં. ◆

**ફ્રિમૉન્ટ, અમેરિકા :** ૧૧ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ સાન ફ્રાન્સિસ્કો પ્રદેશના ભક્તોએ ભેગા થઈને ભાવેશભાઈ-છાયાબહેનનાં માર્ગદર્શન હેઠળ અન્નકૂટ ઉત્સવ ઊજવ્યો. ભક્તોએ ભાવથી ઘરેથી વિવિધ વ્યંજનો બનાવી લાવીને શ્રી ઠાકોરજીને ધરાવ્યાં. યુવાઓએ સુંદર સુશોભન કરી ભક્તિ અદા કરી. સૌ ભક્તોએ ભાવથી થાળનાં ગાન કરીને પ્રભુને જમાડ્યા. સંતભગવંત સાહેબજી અને સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ ફોન દ્વારા આશીર્વાદ આપી સૌને ધન્ય કર્યાં. આ પ્રસંગે શિકાગોથી અનુપમ મિશન-અમેરિકાના પ્રમુખ ડૉ. જિતુભાઈ પટેલ-રીટાબહેન, રાજુભાઈ, સુધાબહેન આદિ વડીલોએ પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી. સૌએ ભેગાં મળી ઉત્સવ-આનંદ માણ્યો. ◆



ફ્રિમૉન્ટ-યુ.એસ.એ. મંડળના ભક્તો દ્વારા અન્નકૂટ ભક્તિ અર્પણ

**યુટાહ, અમેરિકા :** સૉલ્ટ લૅક સિટી મંડળે સર્વ પ્રથમવાર દિવાળી નિમિત્તે અન્નકૂટ ઉત્સવ ૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ ઊજવ્યો. આ ઉજવણી પ્રેરણાદાયી બની રહી. ભાવપૂર્વકની સેવાઓથી લઈને ભવ્ય અન્નકૂટ દર્શન સુધી સમગ્ર કાર્યક્રમમાં ભક્તિનો અહેસાસ છલકાતો હતો, જે ભક્તોના સંપ, સુહૃદભાવ અને એકતાના સાચા ભાવને પ્રતિબિંબિત કરતો હતો. ચંદ્રેશભાઈ અને આજ્ઞાબહેનનાં માર્ગદર્શન અને પ્રોત્સાહનથી આ ઉજવણી વિશેષ આનંદદાયક બની રહી. સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવાના ભાવથી ભેગાં મળીને અદા કરેલ ભક્તિનો અનેરો આનંદ અંતરે ભરી સૌ ધન્ય થયાં. ◆



સિયેટલ-વૅનકુંવર મંડળના ભક્તો દ્વારા અન્નકૂટ ઉત્સવની ઉજવણી

**ઉપાસના ધામ, ટોરોન્ટો-કૅનેડા :** મંદિરમાં દિવાળી પર્વની સુંદર ઉજવણી કરવામાં આવી. ૧૮ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજનનું આયોજન થયું. શ્રી ઠાકોરજીના સુંદર શણગારનાં દર્શને સૌનાં મન મોહી લીધાં. સૌમાં એટલો ઉમંગ હતો કે નાનાં બાળકોથી લઈને વડીલો સૌ સેવામાં જોડાયાં. ઍલનટાઉન મંદિરે થઈ રહેલી ઑનલાઈન પૂજામાં જોડાઈને સૌએ સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. પૂજા પછી ભવ્ય આરતીનું આયોજન થયું, આરતીના પ્રકાશથી વાતાવરણ અત્યંત દિવ્ય થઈ ગયું.

૨૬ ઑક્ટોબરના રોજ અન્નકૂટોત્સવનું આયોજન થયું. સાથે બાળકો માટે આરતી થાળી ડૅકોરેશન, રંગોળી કૉમ્પિટિશન અને ફૅન્સી ડ્રેસ કૉમ્પિટિશનનું આયોજન થયું. ઍલનટાઉન મંદિરેથી સાધુ પૂ. કૌશિકદાસજી અને પૂ. આશિષદાસજી પધાર્યા. સૌ ભક્તો અન્નકૂટ માટે વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરીને લાવ્યા. વેદભાઈ અને યુવાન ટીમ દ્વારા અન્નકૂટની સુંદર ગોઠવણી કરવામાં આવી. ભક્તો દ્વારા સુંદર થાળ ગવાયા. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ પૂ. મનોજદાસજીએ વિડીયો-આશીર્વાદ દ્વારા સૌ ભક્તોમાં નવા વર્ષે નવા ઉત્સાહ સાથે ભક્તિ કરવા ઉમંગ ભર્યો. જતીનભાઈએ પ્રાસંગિક પ્રવચન કર્યું. સાધુ પૂ. કૌશિકદાસજીએ સર્વાંગે સુખી થવા સુંદર આશીર્વાદ પ્રદાન કર્યા. ત્યારબાદ સૌએ અન્નકૂટ આરતી અર્પણ કરી ધન્યતા અનુભવી. ◆

**સિયેટલ-વૅનકુંવર :** વૅનકુંવર (કૅનેડા) મંડળના ભક્તોએ સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી પ્રથમ વખત ૧૮ ઑક્ટોબર ૨૦૨૫, શનિવારની ઢળતી સંધ્યાએ વિવેક-સાત્વીના મકાનના સભાહૉલમાં શ્રી લક્ષ્મીપૂજન-શ્રી સરસ્વતીપૂજનવિધિ ખૂબ ભક્તિભાવથી સંપન્ન કરી. વડીલોનાં માર્ગદર્શને યુવાનો-યુવતીઓએ અદ્‌ભુત વ્યવસ્થા અને સુશોભન કરી ભક્તિભાવ ધર્યો. સૌ યજમાનો અત્યંત શ્રદ્ધાથી પૂજાવિધિમાં જોડાયા. હિતેશભાઈએ શ્રી ઠાકોરજીનું પૂજન કર્યું. પૂજાના અંતે હરેશદાદાએ સૌને પ્રાસાદિક શ્રી લક્ષ્મીજી અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા. નેહલભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી દિવાળીપર્વ અને નૂતન વર્ષની સૌને શુભેચ્છાઓ પાઠવી.





ઉપાસના ધામ, કૅનેડા મંદિરમાં શ્રી લક્ષ્મીપૂજન-શ્રી સરસ્વતીપૂજન... શ્રી ઠાકોરજીને અન્નકૂટ-ભક્તિ અર્પણ

**સિયેટલ મંડળ**ના ભક્તોએ ૧૮ ઑક્ટોબર ૨૦૨૫ના દિવસે ભક્તિભાવ અને ઉત્સાહ સાથે શ્રી ધનપૂજા-શ્રી સરસ્વતીપૂજા ઉત્સવ હિતેશભાઈ-અર્ચનાબહેનના ઘરે ઊજવ્યો. સૌ ભક્તોએ ભક્તિભાવે પૂજાવિધિ સંપન્ન કરી. ત્યારબાદ વીરેન્દ્ર અંકલે આશીર્વાદ આપ્યા.

**સિયેટલ-વૅનકુંવર** મંડળે ૧૧ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ અન્નકૂટોત્સવની ભવ્ય ઉજવણી કરી, જેમાં સૌની ભક્તિ, એકતા અને સેવાભાવનાં દર્શન થયાં. વીણાબા, અર્ચનાબહેન અને મંડળનાં બહેનો બે અઠવાડિયાં અગાઉથી ભજન-સ્મરણ સાથે વિવિધ થાળની તૈયારીમાં પ્રવૃત્ત થઈ ગયાં. યુવાનો-યુવતીઓએ અન્ય સઘળી સેવાઓ સંપન્ન કરી. તૃષિલે સભાનું સંચાલન કર્યું. સૂરવૃંદે ભાવવાહી થાળનાં ગાન કર્યાં. સંતભગવંત સાહેબજીના પ્રિ-રેકોર્ડેડ આશીર્વાદ મેળવી સૌએ અપાર ધન્યતા અનુભવી. મનીષભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું. યુવાનોએ નાટ્યભક્તિ દ્વારા પ્રભુભક્તિ અને અનુપમ મિશનનાં મૂલ્યોને જીવંત કર્યાં. વીરેન્દ્રઅંકલ-મંજુઆંટી, બફેલો મંડળનાં ડૉ. યોગેશભાઈ-ડૉ. સ્મિતાબહેન આદિ વડીલો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં અને સૌ સેવકોની પ્રશંસા કરી. વીરેન્દ્રઅંકલે પોતાના પ્રવચનમાં ગુરુપ્રેમ અને ભક્તિનો મહિમા સમજાવ્યો. ભૂમિબહેને સૌનો આભાર વ્યક્ત કર્યો. અંતે સૌએ અન્નકૂટ આરતી અર્પણ કરી. સમગ્ર ઉત્સવ દરમિયાન સૌને શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીની કૃપાનો સૌને અનુભવ થયો. ◆

**બ્રિસબૅન, ઑસ્ટ્રેલિયા :** સંતભગવંત સાહેબજીની કૃપાથી બીનાબા-દિલીપબાપુનાં માર્ગદર્શન હેઠળ ૧૨ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ બ્રિસબૅન-ઑસ્ટ્રેલિયા ખાતે શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી સરસ્વતીપૂજનની વિધિ મિત્તલબહેન-દીક્ષિતાબહેને કરાવી. સૌ ભક્તોએ ઉત્સવ આનંદ માણ્યો. તેજ, વેદ, સહજ અને સુસ્મિતાએ



બ્રિસબૅન-ઑસ્ટ્રેલિયા મંડળમાં શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ

ઋષિકુમાર અને ઋષિકન્યા તરીકે સેવાઓ આપી. ડેકોરેશન ટીમે શ્રી ઠાકોરજીના આસનની સુંદર સજાવટ કરી. પૂજા સમાપન બાદ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ ફોન દ્વારા નૂતનવર્ષના આશીર્વાદ આપ્યા. મંડળનાં સૌ બહેનોએ શ્રી ઠાકોરજી અને પધારેલા હરિભક્તો માટે ખૂબ જ ભાવથી મહાપ્રસાદ તૈયાર કર્યો, જે સૌએ આનંદપૂર્વક માણ્યો. સૌએ સંપ, સુહૃદભાવ અને એકતા સાથે અપ્રતિમ સેવાઓ કરી ભક્તિ અદા કરી.

૨૨ ઑક્ટોબર ૨૦૨૫, બુધવારના રોજ સૌ ભક્તોએ ભેગા મળીને નૂતન વર્ષની શરૂઆત બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શણગાર આરતીનાં દર્શન સાથે કરી. ત્યાંથી સૌ બીનાબા-દિલીપબાપુના નિવાસસ્થાને આશીર્વાદ લેવા ભેગાં થયાં. ત્યારબાદ વારાફરતી હિનલબહેન-જીનેશભાઈ, બિંદીબહેન-અંકિતભાઈ, સોનિયાબહેન-અપલભાઈ અને પૂર્વીબહેન-ભૌમિકભાઈના નવા ઘરે સૌ પરસ્પર મળ્યાં, ભેગાં મળીને સત્સંગગોષ્ઠિ કરી, રમતો રમ્યાં અને દિવાળીની વિવિધ વાનગીઓ જમી આનંદ કર્યો.

ત્યારબાદ મિત્તલબહેન-ધર્મીનભાઈના ઘરે મંડળના સૌ મુકતોએ ભેગા મળી નવા વર્ષની સંધ્યા આરતી કરી, અડધો કલાક ધૂન કરી. ફોન દ્વારા ભારતથી સાધુ પૂ. ઉત્પલદાસજી અને પૂ. અશોકદાસજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યારબાદ નિમિષાબહેન-મૌલિકભાઈના ઘરે મહાપ્રસાદ માણી સૌએ આનંદ કર્યો. આ ઉત્સવ-આનંદ માટે સૌએ જોબ પરથી રજા લઈ, એકબીજાંના ઘરે જઈને ભેગાં મળીને ધૂન-પ્રાર્થનાઓ કરી. સાહેબદાદાને ગમે છે તે રીતે સંપ-સુહૃદભાવ-એકતાથી નવા વર્ષની ઉજવણી કરી.

૨૬ ઑક્ટોબર ૨૦૨૫, રવિવારના રોજ સૌ ભક્તોએ ભેગા મળીને અન્નકૂટ ઉત્સવ ઊજવ્યો. મંડળનાં બહેનો, દીકરીઓ તથા બાળકોએ શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીને જમાડવા વિધવિધ વાનગીઓ ખૂબ જ ભક્તિથી બનાવી તથા શ્રી ઠાકોરજી સમક્ષ તે સૌ વાનગીઓને કલાત્મક રીતે ગોઠવીને ભાવથી અર્પણ કરી. થાળ ગાવાની સેવા હિનલબહેન અને દીક્ષિતાબહેને કરી. ભૂમિબહેને સભાસંચાલન કર્યું. મંડળનાં ભૂલકાંઓએ શ્રી ઠાકોરજી સમક્ષ કીર્તન પર નૃત્યભક્તિ અર્પણ કરી. વેદ અને સહજે ભારતીય સંસ્કૃતિમાં ઉજવાતા દિવાળીના પાંચ દિવસના પર્વ ઉપર પ્રેઝન્ટેશન આપ્યું. રુદ્રએ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ આપેલ સમજ મુજબ આપણા વ્યક્તિગત જીવનમાં પ્રેમ, આદર, ગુરુમહિમા, પ્રતીતિ અને જ્ઞાનના દીપ પ્રગટાવવાની વાત પ્રેઝન્ટેશન દ્વારા રજૂ કરી. આનંદે અઠવાડિક સત્સંગસભા અને

બાળસભામાં હાજરી આપવાથી થતા ફાયદાની સ્વ-અનુભવની વાત કરી. તેજે ઑસ્ટ્રેલિયામાં થતા વાર્ષિક કિડ્સ કૅમ્પની ઍક્ટિવિટીઝ અને તેના અનુભવની વાત કરી. સંતભગવંત સાહેબજીના નૂતનવર્ષના વિડીયો આશીર્વાદનો સૌએ લાભ લીધો. અંતે ભાઈઓ-બહેનોએ અન્નકૂટ આરતી અર્પણ કરી ભક્તિ અદા કરી. આ પ્રસંગે વડીલોની સભાની સાથે સાથે અલગ કૉન્ફરન્સ રૂમમાં બાળકોની સભાનાં આયોજન પણ કરવામાં આવ્યાં, જેમાં નિમિષાબહેન, સોનિયાબહેન, મેઘાબહેને બાળકોમાં સંસ્કારસિંચન અને પારંપરિક પર્વના મહિમાની સુંદર વાતો કરી તથા વિવિધ પ્રવૃત્તિઓમાં બાળકોને જોડી આનંદ કરાવ્યો. આમ, સૌએ ભેગાં મળી દીપોત્સવીનો આનંદ માણ્યો અને નવા વર્ષને ભક્તિભાવથી આવકાર્યું.

**કેનબેરા, ઑસ્ટ્રેલિયા :** ૧૯ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ ઑસ્ટ્રેલિયાની રાજધાની કેનબેરા ખાતે પ્રથમ વખત અન્નકૂટ ઉત્સવનું સુંદર આયોજન થયું. સ્થાનિક ભક્તો ઉપરાંત સિડની મંડળના અક્ષરમુક્તો પણ આ પ્રસંગે કેનબેરામાં એકત્ર થયા. પ્રથમ વખત ઉજવાઈ રહેલા અન્નકૂટ ઉત્સવનો આનંદ સૌ ભક્તોનાં હૈયે હિલ્લોળા લઈ રહ્યો હતો. સૌ ભક્તોએ ભેગા મળીને અન્નકૂટ ઉત્સવ માટે વિવિધ વ્યંજનો તૈયાર કર્યાં અને અત્યંત કલાત્મક રીતે શ્રી ઠાકોરજી સમક્ષ સુશોભિત કરી ભક્તિ અદા કરી. થાળનાં ગાન કરી પ્રભુ અને ગુરુને ભાવથી અન્નકૂટ જમવા માટે આજીજી કરી. સભામાં સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતભગવંત સાહેબજીના વિડીયો આશીર્વાદ પ્રાપ્ત કરી આધ્યાત્મિક માર્ગદર્શન મેળવ્યું. ભક્તોએ ભેગા મળીને સુંદર સેવાઓ કરીને તથા સત્સંગ-સમાગમ અને પરસ્પર આધ્યાત્મિક ગોષ્ઠિનો આનંદ માણી ધન્યતા અનુભવી. ◆



સિડની-ઑસ્ટ્રેલિયા મંડળમાં ભક્તો દ્વારા અન્નકૂટ આરતી અર્પણ

**સિડની, ઑસ્ટ્રેલિયા :** અનુપમ મિશન, ઑસ્ટ્રેલિયાના પ્રમુખ દીપેનભાઈ રૂઘાણી અને સિડનીના સ્થાનિક ભક્તો દ્વારા અતિ ભક્તિભાવે નૂતનવર્ષે અન્નકૂટ ઉત્સવ ઉજવવામાં આવ્યો. મંડળના સૌ અક્ષરમુક્તોએ પ્રભુ માટે ભાવથી વાનગીઓ બનાવી, કલાત્મક રીતે સુશોભિત કરી અને થાળનાં ગાન દ્વારા પ્રભુને જમાડી. સૌએ સંપીને સેવા કર્યાનો આનંદ માણ્યો. ◆

**ન્યૂઝીલૅન્ડ :** ૨૬ ઑક્ટોબર ૨૦૨૫, લાભપાંચમના મંગલકારી દિવસે સવારે ન્યૂઝીલૅન્ડ મંડળના ભક્તોએ ભેગા મળીને મહાપૂજા કરીને અન્નકૂટોત્સવ ઊજવ્યો. ભક્તોએ ખૂબ ભાવથી વિવિધ વ્યંજનો તૈયાર કરી શ્રી ઠાકોરજીને ધરાવ્યાં અને થાળનાં ગાન કરીને ભાવથી જમવા માટે આમંત્રણ પાઠવ્યું. અન્નકૂટ આરતીનો સૌએ લાભ લીધો. નીલિમાબહેને સૌને અન્નકૂટનો મહિમા સમજાવ્યો. પૂ. મનોજદાસજી અને સંતભગવંત સાહેબજીના વિડીયો આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ ધન્ય થયાં. ◆



કેનબેરા-ઑસ્ટ્રેલિયા મંડળમાં પ્રથમ અન્નકૂટોત્સવમાં સહભાગી અક્ષરમુક્તો




ન્યૂઝીલૅન્ડ મંડળના ભક્તો દ્વારા અન્નકૂટ ભક્તિ અર્પણ

અનુપમ મિશનનાં અન્ય અનેક મંડળોમાં પણ ભક્તોએ દીપોત્સવી નિમિત્તે શ્રી લક્ષ્મીપૂજન-શ્રી શારદાપૂજન તથા નૂતનવર્ષે અન્નકૂટ ઉત્સવની ભક્તિભાવે ઉજવણી કરી આનંદ માણ્યો. સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવાના ભાવથી વિશ્વભરના ભક્તોએ સંપ, સુહૃદભાવ અને એકતાના ભાવ સાથે સેવાઓ કરી પરસ્પર આત્મીયતા દૃઢ કરવાના શુભ સંકલ્પો કર્યા. ◆



ઉપાસના ધામ, સુરત મંદિરે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતોની નિશ્રામાં અન્નકૂટ ઉત્સવ



ખંભાત મંડળના ભક્તો દ્વારા અન્નકૂટોત્સવ



લૂઝિયાના-યુ.એસ.એ. મંડળમાં અન્નકૂટોત્સવ



ન્યૂપૉર્ટ-યુ.એસ.એ. મંડળમાં અન્નકૂટોત્સવ



રિચમંડ-યુ.એસ.એ.માં અન્નકૂટોત્સવ



સૉલ્ટ લૅક સિટી, યુટાહ, યુ.એસ.એ. મંડળમાં અન્નકૂટોત્સવ



ડલાસ-યુ.એસ.એ. મંડળમાં અન્નકૂટોત્સવ



લૅકલૅન્ડ-યુ.એસ.એ. મંડળમાં અન્નકૂટોત્સવ

# સત્સંગ સમાચાર

## શાકોત્સવ

*** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ-મોગરી :** ૨ નવેમ્બર ૨૦૨૫, દેવઊઠી એકાદશીના પાવન દિવસે મંદિરજીના 'અક્ષરમહોલ'માં સંતભગવંત સાહેબજીની પુનિત ઉપસ્થિતિમાં શાકોત્સવની ભક્તિભાવે ઉજવણી થઈ. આ પ્રસંગે સૂરવૃંદ દ્વારા શ્રી હરિની શાકોત્સવ લીલાનું સ્મરણ કરાવતું પ્રેમાનંદ સ્વામી રચિત કીર્તન ગવાયું. સાધુ પૂ. રમેશદાસજીનાં માર્ગદર્શન હેઠળ યુવતીઓ અને બહેનોએ અદ્‌ભુત સર્જનશીલતા સાથે શ્રી ઠાકોરજી સમક્ષ શાકભાજીની ગોઠવણ કરી હાટડી માંડી. 'શ્રી યોગીઆજ્ઞા મંત્રદીક્ષા હીરક જયંતી મહાપર્વ' અને 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના'ના પાંચ સિદ્ધાંતોને કેન્દ્ર સ્થાને રાખી સમગ્ર સજાવટ કરવામાં આવી. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ ઉત્સવ-મહિમા સમજાવી સુશોભન-મર્મને વિસ્તારે દઢ કરાવ્યો. સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ વરસાવી દેશ-વિદેશનાં અનુપમ મિશનનાં કેન્દ્રો પર ઉજવાતા શાકોત્સવ અને તેમાં ભક્તિ કરનાર ભક્તો અને સંતોને બિરદાવ્યા તેમજ ભક્તોને પોતાનાં દેહ, સમય, આવડત આદિ સઘળું પ્રભુને રાજી કરવાના ભાવથી વાપરવા સમજ આપી કે જેથી હઠ, માન, ઈર્ષ્યા, કામાદિક ભાવોથી ઉપર ઊઠી જવાય. આ પ્રસંગે પિયોરિયા-અમૅરિકાથી પધારેલ સુનિષભાઈએ સ્વાનુભવની વાતો કરી. ત્યારબાદ મંત્રપુષ્પાંજલિ અને આરતી અર્પણ કરી પ્રાર્થનાઓ ધરી. અંતે, સંતો પાસેથી સૌએ પ્રસાદ સ્વરૂપે શાક પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી. ◆

*** ઉપાસના ધામ, ખારઘર :** દેવઊઠી એકાદશી, ૨ નવેમ્બર ૨૦૨૫ રોજ સાંજે ઉપાસના ધામ, ખારઘર મંદિર ખાતે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યમાં શાકોત્સવ યોજાયો. સવારથી સેવકોએ સંતોનાં માર્ગદર્શને શાકોત્સવની તૈયારી આરંભી. આ વર્ષે સંતભગવંત સાહેબજીએ ગુણાતીતાનંદ સ્વામીની વાતના અનુસંધાને આપેલ ધ્યેય સૂત્ર-'ભજન કરતાં કરતાં ક્રિયા કરવી'ને કેન્દ્રસ્થાને રાખી શાકભાજીને સુંદર રીતે સુશોભિત કરી શ્રી ઠાકોરજી સમક્ષ ધરાવી. સભાનો પ્રારંભ ધૂન, ભજનનાં ગાન સાથે થયો. શ્રી કે. સી. સિંઘે પ્રાસંગિક પ્રવચન કર્યું અને દેવઊઠી એકાદશીના મહિમાની વાતો કરી. ચારુબહેન તથા કલ્પેશભાઈએ પોતાના જીવનમાં ભજન કરતાં કરતાં ક્રિયા કરવાથી જે અનુભવ થયા તેની વાતો કરી. પૂ. અશ્વિનદાદાએ 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'ના આધારે સંતભગવંત સાહેબજીની અનુવૃત્તિ અનુસાર તેઓની આજ્ઞા પાળવાથી થતી પ્રાપ્તિની સમજ આપી આશીર્વાદ વરસાવ્યા. ◆

*** ડેન્હમ, યુ.કે. :** પ્રબોધિની એકાદશીના પાવન દિવસે ડેન્હમ-યુ.કે. સ્થિત મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી સમક્ષ શાકોત્સવની અદ્‌ભુત ઉજવણી કરવામાં આવી. સાધુ પૂ. હિંમત સ્વામીજીનાં માર્ગદર્શન હેઠળ યુવાઓ, બહેનોએ વિવિધ પ્રકારનાં શાકભાજીની કલાત્મક ગોઠવણી કરીને સુંદર ભક્તિ અદા કરી. સંતભગવંત સાહેબજીએ આ વર્ષે આપેલ સૂત્ર-'ભજન કરતાં કરતાં ક્રિયા કરવી'ને સુશોભનમાં પ્રતિબિંબિત કરાયું. ભાવિશાબહેને શાકોત્સવનો મહિમા વર્ણવ્યો. સાધુ પૂ. હિંમત સ્વામીજીએ આશીર્વાદ વરસાવ્યા અને અંતે સૌએ આરતી અર્પણ કરી ધન્યતા અનુભવી. ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ ઉત્સવનો લાભ લીધો. ◆

*** ઍલનટાઉન, અમેરિકા :** પ્રબોધિની એકાદશી, ૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ અમૅરિકાના ઍલનટાઉન સ્થિત મંદિરે શ્રી ઠાકોરજી



બ્રહ્મજ્યોતિ-મોગરી મંદિરે શાકોત્સવ પ્રસંગે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



ખારઘર મંદિરે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યમાં શાકોત્સવ



ડેન્હમ-યુ.કે. મંદિરે શાકોત્સવ




ઍલનટાઉન-યુ.એસ.એ. મંદિરે શાકોત્સવ

સમક્ષ ભક્તિભાવે શાકોત્સવની ઉજવણી કરવામાં આવી. સંતોનાં માર્ગદર્શને યુવાવૃંદે વિવિધ પ્રકારની શાકભાજી કલાત્મક રીતે ગોઠવી ભક્તિ અદા કરી. મોટી સંખ્યામાં ભક્તોએ એકત્રિત થઈ આ પ્રસંગે સત્સંગલાભ પ્રાપ્ત કર્યો. સાધુ પૂ. નરેન્દ્રદાસજી, પૂ. કૌશિકદાસજી, પૂ. જયેશદાસજી, પૂ. અરવિંદદાસજી, પૂ. આશિષદાસજી અને વડીલોએ યુવાનોની ભક્તિને બિરદાવી પ્રસન્નતા વરસાવી. ◆

---


## શ્રદ્ધાંજલિ

*** સત્યેનભાઈ લાખાણી :** અનુપમ મિશન, ઇંગ્લૅન્ડ નિવાસી વડીલ સાધુ પૂ. કારુદાસજીના દીકરા સત્યેનભાઈ લાખાણી ૨૩ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ અક્ષરધામ સિધાવ્યા. પૂ. કારુદાદા અને તેઓનાં ધર્મપત્ની પુષ્પાબહેન પ.પૂ. પપ્પાજી, પ.પૂ. સોનાબા અને સંતભગવંત સાહેબજીના સંપર્ક-સંબંધમાં આવ્યાં અને જીવન સત્સંગ અર્થે સમર્પિત કરવાના ભાવ ધર્યા. સમય જતાં પૂ. કારુદાદાએ દીક્ષા સ્વીકારી સંતભગવંત સાહેબજીના ચરણે જીવન સમર્પિત કર્યું. જેમાં સર્વે પરિવારજનોનો સહકાર મળ્યો.



સત્યેનભાઈને પણ સંતો સાથે પ્રીતિ ! સત્સંગનાં કાર્યમાં સંપૂર્ણ સહકાર આપવાની અદમ્ય ભાવના ! ભક્તો સાથે આત્મીયતા કેળવી, સુહૃદભાવે સેવારત રહી સત્યેનભાઈએ સૌનો રાજીપો મેળવ્યો. તેઓનાં ધર્મપત્ની સ્મૃતિબહેન અને સંતાનો અમન, રિયન ને એલા સાથે પણ અનેરી સંવાદિતા રાખી સુંદર જીવન વિતાવ્યું. ભક્તિરત જીવન વિતાવી પ્રભુની સેવામાં બિરાજી જનાર સત્યેનભાઈને પ્રણામ ! આ પ્રસંગે પ્રભુનું કર્તાપણું સ્વીકારી સમતાનાં દર્શન કરાવનાર સર્વે પરિવારજનોને વંદન ! ◆

*** કાંતિભાઈ ખંભાઈતા :** અમેરિકા નિવાસી કાંતિભાઈ ખંભાઈતા ૨૬ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ અક્ષરધામ સિધાવ્યા. સંતભગવંત સાહેબજી સાથે જીવની પ્રીતિ થઈ અને જીવનનું સહજ સમર્પણ થઈ ગયું. સદ્‌ગુરુ સંતો માટે તેઓના હૈયે અનેરો પૂજ્યભાવ હતો. તેઓ વ્યવસાયે સફળ આર્કિટેક્ટ હતા. અમેરિકાના ઍલનટાઉન મંદિરના સર્જનમાં તેઓનાં પ્રદાન અમૂલ્ય રહ્યાં. મંદિર સર્જન વખતે તેઓએ રાખેલી ચોકસાઈ અને કુનેહને કારણે આજે પણ મંદિરમાં સંતો-ભક્તોને કોઈ અગવડ પડતી નથી અને બે દાયકાથી વધુ સમય પછી પણ જાણે મંદિર હમણાં જ રચાયું છે તેવું અનુભવાય છે. અનુપમ મિશનનાં અન્ય મંદિરો અને મકાનોનાં નિર્માણમાં પણ તેઓનાં માર્ગદર્શન અને સહકાર



પ્રાપ્ત થયાં છે. સંતોનાં વચને તેઓ દ્વારા અર્પણ થતી ભક્તિમાં તેઓનાં ધર્મપત્ની કુમીબહેનનો પૂર્ણ સહકાર પ્રાપ્ત થયો. તેઓ બંનેએ સંતો-ભક્તોની ખૂબ સારસંભાળ રાખી અને સૌની ખૂબ સેવાઓ કરી આયખું ધન્ય કરી લીધું. લગભગ દર વર્ષે તેઓ ભારત પધારતાં અને બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી આધ્યાત્મિક આનંદ માણતાં. છેલ્લી વખત તેઓ ભારત પધાર્યા ત્યારે નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે બ્રહ્મજ્યોતિ, મોગરીમાં રોકાઈને સૌ સેવકોને તેઓની અંતિમ સેવાનો લાભ આપ્યો. બીમારીમાં પણ તેઓના હૈયે શાંતિ વસતી તથા મુખ પર હંમેશાં સ્મિત રેલાતું, જે તેઓની આધ્યાત્મિક ઊંચાઈનું, પ્રભુ અને ગુરુ પર રાખેલ અડગ નિષ્ઠાનું દર્શન કરાવતું. આવા નિષ્ઠાવાન અક્ષરમુક્તને વિદાયવેળાએ પ્રણામ અને ભાવવંદન સાથે શ્રદ્ધાસુમન અર્પણ ! ◆






ગુણાતીત જ્યોત દ્વારા યોજાયેલ પ.પૂ. પપ્પાજી શાશ્વત સંકલ્પ પર્વે અનુપમ મિશનના સંતો દ્વારા ભાવાર્પણ... ઉત્સવસભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન




ગુણાતીત જ્યોતનાં મહંત પરમ પૂજ્ય હંસાદીદીના ૯૦મા પ્રાગટ્યપર્વે અનુપમ મિશન વતી સમર્પિત બહેનો અને યુવતીઓ દ્વારા ભાવાર્પણ અને હૃદયવંદના



દિલ્હી મંદિરે પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી-ગુરુજીને ભાવાર્પણ



દિલ્હી મંદિરે સંતભગવંત સાહેબજીનાં ભાવપૂર્ણ સ્વાગત



દિલ્હી મંદિરે સભામાં સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



લાભપાંચમના શુભ દિને સંતોના કર્મયોગ સાધના મંદિરે મહાપૂજામાં સાહેબજીનાં આશીર્દાન



ડેન્હમ-ઈંગ્લૅન્ડ મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજ અને ગુણાતીત સ્વરૂપોને ભક્તિભાવે અન્નકૂટ અર્ઘ્ય અર્પણ



ઍલનટાઉન-અમૅરિકા મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજ અને ગુણાતીત સ્વરૂપોને અન્નકૂટ-ભક્તિ અર્પણ


**Regd. News Paper / Air Mail / Book Post**

**To,**

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-11-2025 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand,**

**Gujarat, India * Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**